Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૧૫ : અંક ૧૦] તા. ૧૫-૭-૫૦ : અમદાવાદ [ક્રમાંક : ૧૭૮

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

विषय-दर्शन

વિષય	લેખક	પૃષ્ઠ
૧. વિસયનિંદા કુલયં	પૂ. મુ. શ્રી કાંતિવિજયજી	૨૦૧
૨. ભોજકટ	પૂ. મુ. શ્રી જંબૂવિજયજી	૨૦૪
૩. સંસ્કૃતિનું સ્વરૂપ	શ્રી ફૂલચંદજી શાસ્ત્રી	૨૧૩
૪. ઇતિહાસના અજવાળે	શ્રી. મોહનલાલ દી. ચોકસી.	૨૧૪
૫. ગુલાબ અને કાંટા	જ.	૨૧૬
૬. જયદેવકૃત જયદેવચ્છંદસ્	પ્રો. હીરાલાલ કાપડિયા	૨૧૯
૭. એ રત્ન કોનાં?	સં.	૨૨૩
૮. વિશ્વકોષ વ શબ્દભેદકે રચયિતા મહેશ્વર જૈનાચાર્ય થે ?	શ્રી. અગરચંદજી નાહટા	ટાઈટલ પેજ ૨-૩
૯. ગ્રંથ-સ્વીકાર	,,	,, ૩
૧૦. નવી મદદ	,,	,, ૩

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

विश्वकोष व शब्दप्रभेदके रचयिता महेश्वर जैनाचार्य थे?

लेखक : श्रीयुत अगरचंदजी नाहटा

सिंघी जैन ग्रन्थमालाके ग्रन्थांक २५में महेश्वरसूरिरचित 'ज्ञानपंचमी कथा' नामक महत्त्वपूर्ण प्राचीन पर्वमहात्म्य ग्रन्थ प्रकाशित हुआ है। उसके संपादक डॉ. अमृतलाल स. गोपाणीने ग्रन्थकार महेश्वरसूरिका समय एवं अन्य रचनादिके निर्णय करनेके प्रसंगसे इसी नामवाले ११ व्यक्तियोंका उल्लेख किया है। उनमें नं. ७ में 'शब्दभेदप्रकाश,' नं. ९–१० में 'लिंगभेद नाममाला' व नं. ११ में 'विश्वकोष' शब्दप्रभेदके रचयिता महेश्वरको सूरिविशेषण लगाकार जैनाचार्य होनेका भ्रमजनक उल्लेख किया गया है। उसके अनुकरणमें अन्य सज्जन भी भूल न कर बैठें अतः भ्रान्तपरम्पराको रोकनेके लिये यहां उनके वास्तविक रचयिताके सम्बन्धमें स्पष्टीकरण कर दिया जाता है।

महेश्वरके उपर्युक्त चारों ग्रन्थोंका उल्लेख लींबडी भंडारसूची एवं जैन ग्रन्थावलीके आधारसे किया गया है। इनमेंसे नं. ९–१० वाले दो ग्रन्थ ऐशियाटिक सोसायटीके संग्रहमें व नं. ७–११ लींबडी भंडारमें है। जैनग्रन्थावली व लींबडी भंडारसूचीमें इनके रचयिताका नाम महेश्वर या महेश्वरकवि लिखा है। सूरि विशेषण डॉ. गोपाणीने अपनी ओरसे लगाकर उत्पन्न कर दिया है। शब्दप्रभेदके रचयिता महेश्वरके जैनेतर होनेका सूचन मैंने अपने 'जैनेतर ग्रन्थों पर जैन टीकाऐं' लेखमें किया था। पर डॉ. गोपाणीका उस ओर ध्यान नहीं गया। पं. सीताराम जोशी व विश्वनाथ शास्त्रीके संस्कृत साहित्यके संक्षिप्त इतिहासमें उपर्युक्त महेश्वर कविका परिचय देते हुए लिखा है कि—

महेश्वर (ई. ११११)

इनके विरचित विश्वप्रकाश और शब्दप्रभेद कोष हैं। यह श्री ब्रह्मका पुत्र और कृष्णका पौत्र था। इनका जन्म वैद्योंके कुलमें हुआ था। यह स्वयं वैद्यक शास्त्रका भारी

१ मेरे उपर्युक्त कथनका ताजा उदाहरण प्रो. ही. र. कापडियाका महेश्वरनामकसूरिओ नामक लेख है जिसमें गोपाणीकी भूलको दुहराते हुए शब्दप्रभेदादि ४ ग्रन्थोंके रचयिताको जैनाचार्य ४ विभिन्न व्यक्तियोंके रूपमें उल्लेख किया गया है।

[અનુસંધાન ટાઈટલ પેજ ૩]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष : १५	વિક્રમ સં. ૨૦૦૬ : વીરનિ. સં. ૨૪૭૬ : ઈ. સ. ૧૯૫૦	क्रमांक
अंक : १०	પ્ર૦ અષાડ વદિ ૦)) : શનિવાર : ૧૫ જુલાઇ	१७८

विसयनिंदाकुलयं।

सम्पादक—पूज्य मुनिराज श्रीकान्तविजयजी

पणमित्तु वीअरायं पंचसर–गईद–हणण–मयरायं।
वोच्छामि विसयनिंदाकुलयं भविआण कयपुल्यं ॥ १ ॥
अबुहजणजणिअराया कडुअविवाया बुहेहिं कयचाया।
मुहमेत्तविहिअहरिसा विसया किंपागफलसरिसा ॥ २ ॥
विसयासत्ता सत्ता पत्ता नरएसु दुक्खघरएसु।
विसहंति वेअणाओ जाओ जाणइ जिणो ताओ ॥ ३ ॥
सरिसवमित्तं सुक्खं जीवा पावंति विसयसंजणिअं।
दुक्खं पुण मेरुमहागिरिंदगरुअं चिअ लहंति ॥ ४ ॥
पुरिसा विसयपसत्ता मइरामत्त व्व इत्थ जिअलोए।
विहवक्खयमवकित्तिं मरणं पि गणंति नो मूढा ॥ ५ ॥
विसया विसं व विसमा विसया वइसानरु व्व दाहकरा।
विसया पिसाय–विसहर–वग्घेहिं समा मरणहेऊ ॥ ६ ॥
अहवा विसाइणो इह मरणकरा हुंति एगजम्मंमि।
विसया उ महापावा अणेगजम्मेसु मारंति ॥ ७ ॥
हरिणो सद्दे सलहो रूवे भसलो अ गंधविसयंमि।
मच्छो रसे गइंदो फासे गिद्धा विणस्संति ॥ ८ ॥
एक्केक्कंमि विसए लुद्धा निहणं गया इमे मुद्धा।
कह पुण पंचसु गिद्धो न मरिस्सइ मयणसरविद्धो ॥ ९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

तह सत्थवाहभज्जा भद्दा भद्दंमि सद्दविसयंमि ।
गिद्धा गिहाउ पडिआ सिणेहनाडिआ गया निहणं ॥ १० ॥
महुरावणिओ रूवे देवीअंगुट्ठदंसणे गिद्धो ।
पब्भुट्ठधम्मकम्मो किलिट्ठकम्मो गओ नरयं ॥ ११ ॥
गंधप्पिओ कुमारो कीलंतो नइजलंमि सेच्छाए ।
विसगंधेहिं निहणिओ सवक्किमायाइ मायाए ॥ १२ ॥
सोदासनामनिवई पावो माणुस्समंसरसलोको ।
इह लोए रज्जाओ भट्ठो अ भवे पणट्ठो अ ॥ १३ ॥
सुकुमालियाइ भत्ता फासिंदिअगिद्धिपरवसो निवई ।
चुक्को रज्जसुहाओ अडवीइ दुहं बहुं पत्तो ॥ १४ ॥
अइचंगो ललिअंगो निवरमणीरमणरइअमणरंगो ।
वसिओ अमेज्झकूवे नरयसरूवे चिरं कालं ॥ १५ ॥
सुकलमाणंसपसरा किच्चाकिच्चाइकज्जपरिमूढा ।
माइं भइणिं धूअं विसयपसत्ता निसेवंति ॥ १६ ॥
किं वा विसयपरवसा अकज्जासज्जा अईवनिल्लज्जा ।
सिट्ठजणगरहणिज्जं अगम्मगमणाइं न कुणंति ? ॥ १७ ॥
कामंधनिव्विवेआ पावा मारंति भायरं मित्तं ।
पुत्तं भत्तारं पि हु अहो ! दुरंतो विसयसंगो ॥ १८ ॥
जंपंति अलिअवयणं मुसंति लोअं धणस्स लोभेण ।
किं बहुणा सव्वाइं पावाइं कुणंति कामंधा ॥ १९ ॥
संसारभमणकरणा विसया विसए विसेविया पावा ।
दुक्खाइं अविसए पुण इहयं पि हु दिंति णेगाइं ॥ २० ॥
संपइदंसी मुद्धो विसयंविलुद्धो विणस्सए तुरिअं ।
करिदेहमंसगिद्धो व्व वायसो जलहिजलमज्झे ॥ २१ ॥
महुबिंदुसायसरिसे सुतुच्छविसएसु लालसामूढा ।
नाणाविहाइं विसहंति दुक्खलक्खाइं तिक्खाइं ॥ २२ ॥
जह कागिणीइ कज्जे मूढा हारंति रयणकोडिं पि ।
तह विसयसुहे बद्धा मुद्धा हारंति सिवसुक्खं ॥ २३ ॥
सुबहुं पि हु तवचरणं हारइ विसयाभिलासमेत्तेण ।
कंडरिउ व्व विमूढो दट्ठु अहो ! विसयपरिणामो ॥ २४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पायं विसया नारीण संगमे हुंति ताण पुण चरिअं ।
न मुणइ देवगुरू वि हु किं पुण पागयनरो मूढो ॥ २५ ॥
अन्नं भणंति अन्नं कुणंति अन्नं मणंमि चिंतंति ।
ही ! विसमसहावाओ महिलाओ जयम्मि पावाओ ॥ २६ ॥
सूरिअकंत व्व पिअं चुलि(ल)णि व्व सुअं हहा ! गुणेहि जुअं ।
नारी विसयपसत्ता मारेइ विवेअपरिचत्ता ॥ २७ ॥
सुकुमालिआइआणं नारीणं कित्तिआणि चरिआणि ।
सक्किज्जंति कहेउं विउसेहिं वि वासकोडीहिं ॥ २८ ॥
अंबं वा निंबं वा आसन्नं आरुहंति वल्लीओ ।
सगुणं व निग्गुणं वा आसन्ननरं तहा महिला ॥ २९ ॥
न गणंति गुणं विहवं रूवं विन्नाणनाणसंपत्तिं ।
उवयारिं पि विरत्ता धिरत्थु इत्थीसहावस्स ॥ ३० ॥
बहुकूडकवडभरिआ बुद्धं सुद्धं नरं पयारेइ ।
नारी विरत्तचित्ता पावा तं चेव मारेइ ॥ ३१ ॥
महिलाछलेण जालं विहिणा वित्थारिअं किर विसालं ।
जत्थ निबडंति मूढा तिरिआ मणुआ सुरा असुरा ॥ ३२ ॥
सविआरं रमणीणं दंसणमवि सीलजीविअं हरइ ।
किं पुण पणयपयंपिअपरिचयविस्संभमाईणि ॥ ३३ ॥
चम्मट्ठिमंसनिचए वसरुहिरपुरीसमुत्तभवणंमि ।
छविमेत्तमणहरे नारिविग्गहे रमइ विसयंधो ॥ ३४ ॥
बीभच्छकुच्छणिज्जे लज्जाव(ज)णयंमि असुइदुग्गंधे ।
महिलादेहावयवे किमिउ व्व नरो रइं कुणइ ॥ ३५ ॥
ताण विसयाण सम्मं चिंतिज्जंतं हविज्ज किं रम्मं ।
साहारणा दरिद्दाण साणमाईण जे निच्चं ॥ ३६ ॥
विसयसुहनिप्पिवासा जयंतु मुणिणो दुहाण कयनासा ।
तोडियसिणेहपासा सिद्धिवहुसुक्खबद्धासा ॥ ३७ ॥
उज्झियविसयपसंगं तरुणत्ते कयअणंगभडभंगं ।
जंबूसामिमुणिंदं वंदे उक्खणिअभवकंदं ॥ ३८ ॥
निरवज्जवज्जघडिअं सुदंसणमुणिस्स माणसं मन्ने ।
इत्थीपःणघणघायनिबिडवडणाहिं नो भिन्नं ॥ ३९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

कंदप्पदप्पदलणस्स भद्दमिह थूलभद्दसामिस्स ।
कोसामणमत्तमहागइंदतिक्खंकुसस्स सया ॥ ४० ॥
सो जयउ वइरसामी सोहग्गनिही अ लीलगयगामी ।
अवगन्निअकुलकन्नो विसएसु परम्मुहो धन्नो ॥ ४१ ॥
इअ पुव्वमुणिवराणं विसयविरत्ताण सुद्धचरिआणि ।
सुमरिज्ज सलाहिज्जा जह कामतिसा उवसमेइ ॥ ४२ ॥
ताण नमो ताण नमो निच्चं चिय पुरिससीहसुहडाणं ।
अद्धच्छिछपिच्छिरीओ जाण न हिअए खुडुक्कंति ॥ ४३ ॥
ते च्चिअ पुरिसा धन्ना बालत्तणयंमि गहिअसामन्ना ।
विसयाणं अवगासो जेहिं न दिन्नो दुहावासो ॥ ४४ ॥
मलमलिणजुन्नवत्थो कइआ हं धम्मझाणसुपसत्थो ।
विसएसु निप्पिवासो विहरिस्सं गच्छकयवासो ॥ ४५ ॥
कइआ विसयमहाजरपरमोसहचरणकरणपरिणामो ।
विहरिस्सं विसहंतो बावीसपरीसहे धीरो ॥ ४६ ॥
कइआ हं विसयतिसा-पसमण सुस्समणवयणसिसिरजलं ।
घुंटिस्समेगचित्तो सुसमयखीरोअहिसमुत्थं ॥ ४७ ॥
कइआ तवतणुअंगो विमुक्कसंगो विणिज्जिआणंगो ।
कयमोहसिन्नभंगो होहं सिवसुहविहिअरंगो ॥ ४८ ॥
इअ भावणासुमंतं झायंताणं विसुद्धचित्ताणं ।
न कुणइ कया वि छलणं विसयपिसाओ समत्थो वि ॥ ४९ ॥
एअं जे गुणभूरिसूरिवयणं कामग्गिउल्हावणं
धम्मज्झाणवणस्स वुड्ढिकरणं मेहंबुतुल्लं घणं ।
चित्ते हंत धरंति कम्मनियले वेरग्गदंडेण ते,
भंजेऊण निरंतरं वरतरं भुंजंति मुक्खे सुहं ॥ ५० ॥

विसयनिन्दाकुलयं समत्तं[1] ॥

---

૧. નોંધ—આ 'વિષયનિન્દાકુલક' પાટણ સંઘવીના પાડાના તાડપત્રીય ભંડારની (ડાબડાનં. ૨૧૭ પત્ર ૯૧ થી ૯૩) પ્રતિ ઉપરથી ઉતારીને અહીં આપ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોજકટ

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રી. જંબૂવિજયજી.

"પ્રદ્યુમ્નપ્રિયા અચંભી રે, આદીશ્વર અલબેલો છે.
ચૌંઆલીશસેં વૈદર્ભી રે, આદીશ્વર અલબેલો છે."

શ્રી. સિદ્ધાચળ તીર્થના મહિમા સંબંધમાં પં. શ્રી વીરવિજયજીએ રચેલી નવાણું પ્રકારની પૂજાની નવમી ઢાળની ચોથી કડીની આ પંક્તિઓથી પૂજા ભણાવતાં આપણે જેનું અનેકશઃ સ્મરણ કરીએ છીએ, જે શત્રુંજયતીર્થ ઉપર ૪૪૦૦ ની સાથે મોક્ષમાં ગયાં છે, તથા જે કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નની પત્ની હતાં તે વૈદર્ભીનો જન્મ વિદર્ભદેશની તે સમયની રાજધાની ભોજકટ નગરમાં ભીષ્મકપુત્ર રુક્મિ રાજાને ત્યાં થયો હતો. આ ભોજકટને વસાવનાર રુક્મિ રાજા પોતે જ હતો. તેણે ભોજકટને શા માટે અને કેવા પ્રસંગોમાં વસાવ્યું, એ સંબંધી વર્ણન આ માસિકના જ તા. ૧૫-૫-૫૦ ના અંકમાં કુંડિનપુરના મારા લેખમાં ૧૬૪મા પાને આપી ગયો છું. પ્રસ્તુત લેખમાં ભોજકટનું વર્તમાન કાળે સાચું સ્થાન ક્યાં છે, તે માટે ક્યાં પ્રમાણો છે તેમજ ભોજકટ નામ શા માટે પાડવામાં આવ્યું વગેરે વગેરે જણાવવા ઈચ્છું છું. તે પહેલાં સૌથી જૂનો એટલે કે ભોજકટની સ્થાપના થયા પછી થોડા વખતે જ પ્રદ્યુમ્નનો રુક્મિની પુત્રી સાથે ભોજકટમાં જે લગ્નપ્રસંગ બન્યો હતો તે પણ જાણવાલાયક હોવાથી જણાવું છું. 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' પર્વ ૮ માના ૭મા સર્ગને આધારે તે કથાનક સંક્ષિપ્તમાં નીચે મુજબ છે—

'એક વખત કૃષ્ણની પત્ની રુક્મિણીએ પોતાના પુત્ર પ્રદ્યુમ્નનો પોતાના ભાઈ રુક્મિની વૈદર્ભી [1]નામની પુત્રી સાથે વિવાહ કરવાનું કહેવા માટે એક માણસને ભોજકટ નગરમાં રુક્મિ રાજા પાસે મોકલ્યો. તેણે ત્યાં જઈ રુક્મિ રાજાને કહ્યું કે—'રુક્મિણીએ કહેવરાવ્યું છે કે મારો (રુક્મિણીનો) અને કૃષ્ણનો યોગ દૈવવશાત્ જ થયો છે. પણ મારા પ્રદ્યુમ્ન અને તમારી પુત્રી વૈદર્ભીનો યોગ તો તમારા હાથે જ થાઓ. અર્થાત્ તમે તમારી સ્વખુશીથી જ પ્રદ્યુમ્નને તમારી પુત્રી આપો.' રુક્મિ આ વચનો સાંભળીને કૃષ્ણ સાથેનું પૂર્વનું વૈર સંભારીને કોપાયમાન થઈને બોલ્યો કે, 'મારી પુત્રી કોઈ ચંડાળને આપું તે સારું, પણ કૃષ્ણ વાસુદેવના કુળમાં તો નહીં જ આપું.' દૂતે દ્વારકામાં આવીને રુક્મિણીને સર્વ સમાચાર કહ્યા. ભાઈએ કરેલા અપમાનથી ખિન્ન થયેલી 'રુક્મિણીને પ્રદ્યુમ્ને પૂછ્યું કે, 'માતા ! તું કેમ ખેદ પામી છે!' ત્યારે રુક્મિણીએ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. પ્રદ્યુમ્ને કહ્યું કે, 'માતા ! તું કંઈ ખેદ કરીશ નહીં. મારો મામો સીધી

---

૧ **वैदर्भी** શબ્દનો અર્થ સામાન્ય રીતે '**विदर्भ** દેશના રાજાની કન્યા' એટલો અહીં થાય છે. '**वैदर्भी**' એ સામાન્ય નામ છે. વૈદિકોના ગ્રંથમાં આનું **शुभांगी** એવું વિશેષ નામ જણાવેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રીતે માને તેવો નથી. તેથી જ મારા પિતાએ પહેલાં તેને યોગ્ય કર્યું હતું. અને હમણાં હું પણ તેની યોગ્યતા પ્રમાણે કરીને તેની પુત્રીને પરણી લાવીશ.' આ પ્રમાણે કહીને શાંબને સાથે લઈને પ્રદ્યુમ્ન ભોજકટ નગરે આવ્યો. ત્યાં એકે કિંનરનું અને બીજાએ ચાંડાળનું રૂપ ધારણ કર્યું. બંને જણા ખૂબ સુંદર ગાયન કરતા નગરમાં ફરતા હતા. તેમણે નગરના લોકોનું મન એટલું બધું આકર્ષી લીધું કે તેમની ગાયનકળાની કીર્તિ ઠેઠ રાજા સુધી પહોંચી. રાજાએ તેમને બોલાવ્યા, અને પોતાની પુત્રીને ખોળામાં બેસાડીને તેમની પાસે ગાયન કરાવ્યું. રાજા ખૂબ ખુશી થયો અને તેમને ઘણું દ્રવ્ય આપી પૂછયું કે, 'તમે ક્યાંથી આવો છો ?' ત્યારે તેમણે કહ્યું કે, 'અમે દ્વારકાથી આવ્યા છીએ.' એટલે વૈદર્ભીએ તરત હર્ષમાં આવીને પૂછયું કે 'તમે કૃષ્ણ-રુકિમણીના પુત્ર પ્રદ્યુમ્નકુમારને જાણો છો ?' ત્યારે શાંબે કહ્યું કે, 'કામદેવ સમાન રૂપવાન પ્રદ્યુમ્નકુમારને કોણ ન જાણે ?' આ સાંભળી વૈદર્ભી પ્રદ્યુમ્નને પરણવાની ઇચ્છાવાળી થઈ.

આ વખતે રાજાનો એક મદોન્મત્ત હાથી આલાન સ્તંભને તોડી નાખી છૂટો થઈને નગરમાં દોડવા લાગ્યો અને ચારે બાજુ તોફાન મચાવવા લાગ્યો. જ્યારે કોઈનાથી પણ એ વશ ન થયો ત્યારે રાજાએ પડહો વગડાવ્યો કે, 'જે કોઈ આ હાથીને વશ કરશે તેને હું ઇચ્છિત વસ્તુ આપીશ.' કોઈએ પટહ ઝીલવાની હિંમત ન કરી ત્યારે આ પ્રચ્છન્ન શાંબ અને પ્રદ્યુમ્ને પડહાને ઝીલ્યો. સુંદર ગાયનથી તત્કાળ હાથીને સ્તંભિત કરી દીધો અને બંધનસ્થાનમાં લાવીને બાંધી દીધો. રાજાએ હર્ષિત થઈને તેમને કહ્યું કે, 'તમારે જે જોઈએ તે માગી લો.' ત્યારે તેમણે કહ્યું કે, 'અમારે ત્યાં કોઈ રાંધનારી નથી. તેથી રસોઈ કરવા માટે તમારી આ વૈદર્ભીને આપો.' રાજાએ તે બંનેની અયોગ્ય માગણી સાંભળી ગુસ્સે થઈને તેમને નગર બહાર કાઢી મૂકયા.

પ્રદ્યુમ્ને શાંબને કહ્યું કે, 'માતા રુકિમણી આપણી રાહ જોતી દુઃખી થતી હશે. માટે વૈદર્ભીને પરણવામાં વિલંબ કરવો યુક્ત નથી.' એટલામાં રાત્રિ પડી અને સર્વ લોકો સૂઈ ગયા ત્યારે પ્રદ્યુમ્ન વિદ્યાબળથી વૈદર્ભી જ્યાં સૂતી હતી ત્યાં પહોંચી ગયો અને વૈદર્ભીને કહ્યું કે, 'રુકિમણીએ જેના માટે તમારી માગણી કરી હતી તે હું પ્રદ્યુમ્ન પોતે જ છું. વૈદર્ભી બહુ ખુશી થઈ ગઈ અને ત્યાં જ બંનેનો ગાંધર્વ વિવાહ થયો. પ્રદ્યુમ્ન ત્યાં જ આખી રાત રહ્યો. સવારમાં પરોઢિયું થયું ત્યારે વૈદર્ભીને કોઈ પણ પૂછે તો જવાબ ન આપવાનું તેમજ નિશ્ચિંત રહેવાનું કહીને પ્રદ્યુમ્ન શાંબ પાસે પહોંચી ગયો. રાત્રે અતિજાગરણને લીધે સવારમાં સૂઈ ગયેલી વૈદર્ભીને જ્યારે ધાવમાતા જગાડવા માટે આવી ત્યારે લગ્નનાં મંગળચિહ્નોને જોઈને ગભરાઈ ગઈ અને તેણે રાજાને એકદમ ખબર આપી. રુકિમએ જાતે આવીને વૈદર્ભીને પૂછયું પણ કંઈ જવાબ ન મળવાથી ગુસ્સે થયેલા તેણે વિચાર કર્યો કે જરૂર આ કન્યા મેં આપ્યા સિવાય કોઈ અધમ પુરુષના સંબંધમાં આવી છે. માટે હવે તો પેલા બે ચંડાળોને જ આ કન્યા આપવી યોગ્ય છે. આમ વિચાર કરીને તેણે એ બંને ચંડાળોને બોલાવ્યા અને કહ્યું કે, 'આ કન્યાને લઈને તમે કોઈ સ્થાને ચાલ્યા જાઓ કે ફરીથી તમારું મોં મારા જોવામાં ન આવે.' એમ કહીને ક્રોધમાં ને ક્રોધમાં જ રુકિમએ વૈદર્ભીને બંને ચંડાળોને આપી દીધી. તે પણ લઈને ગામ બહાર ચાલ્યા ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ બાજુ ક્રોધના આવેશમાં અકાર્ય કરીને પાછળથી પસ્તાયેલા રુક્મિ રાજાએ ખૂબ રુદન કરવા માંડ્યું—'અરે વત્સા વૈદર્ભી! તું ક્યાં ગઈ! ક્રોધ ખરેખર ચંડાળ છે. રુક્મિણીએ પ્રદ્યુમ્ન માટે માગણી કરી છતાં મેં તેને ન આપી માટે મંદબુદ્ધિવાળા મને ધિક્કાર છે.' આમ રાજા રુદન કરતો હતો તેવામાં તેણે વાજિંત્રોનો સુંદર અવાજ સાંભળ્યો. રાજાએ તપાસ કરાવી. આ અવાજ ક્યાંથી આવે છે. ત્યારે સેવક પુરુષોએ તપાસ કરીને કહ્યું કે, 'ગામ બહાર એક મહેલમાં શાંબ અને પ્રદ્યુમ્ન વૈદર્ભી સાથે રહેલા છે. ત્યાં આ સંગીત ચાલી રહ્યું છે.' રાજાએ હર્ષિત થઈને બંનેને પોતાને ત્યાં બોલાવ્યા અને હવે તો ભાણેજ તરીકેની અને જમાઈ તરીકેની એમ બેવડી સગાઈ થવાથી પ્રદ્યુમ્નની ખૂબ આદર-સન્માનપૂર્વક ભક્તિ કરી. પછી રુક્મિની રજા લઈને શાંબ અને પ્રદ્યુમ્ન બંને દ્વારકામાં આવી પહોંચ્યા. રુક્મિણી પણ ઘણી જ ખુશી થઈ."[1]

(જુઓ : 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' પર્વ. ૮. સર્ગ-૭.)

ત્યાર પછી છેવટે શાંબ અને પ્રદ્યુમ્નકુમારે નેમિનાથ ભગવાન પાસે દીક્ષા લીધી છે અને અંતે સાડા આઠ ક્રોડ મુનિઓની સાથે સિદ્ધક્ષેત્ર ઉપર મોક્ષમાં ગયા છે. પ્રદ્યુમ્નની પત્ની વૈદર્ભી પણ દીક્ષા લઈને અંતે ૪૪૦૦ની સાથે સિદ્ધક્ષેત્ર ઉપર મોક્ષમાં ગયાં છે.

अज्जगिरि-अज्जरक्खिअ, अज्जसुहत्थी उदायगो मणगो ।
कालयसूरि संबो, पज्जुन्नो मूलदेवो अ ॥

—આ રીતે **भरहेसर**ની ગાથામાં પ્રાતઃકાલના પ્રતિક્રમણમાં આપણે રોજ આ શાંબ-પ્રદ્યુમ્નનું સ્મરણ કરીએ છીએ.

ભોજકટના સંબંધમાં બીજો એક ઉલ્લેખ 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના બીજા અધ્યયનની ૩જી ગાથાની ટીકામાં ક્ષુધા પરીષહના સંબંધમાં આવે છે.—

ઉજ્જયિની નગરીમાં હસ્તિમિત્ર નામનો ગૃહપતિ રહેતો હતો. તેણે હસ્તિભૂતિ નામના પુત્ર સાથે દીક્ષા લીધી હતી. સાધુઓ સાથે વિહાર કરતા તેઓ ઉજ્જયિનીથી ભોગકટક (ભોજકટ) નગર તરફ જતા હતા. અટવીમાં ચાલતાં રસ્તામાં હસ્તિમિત્ર સાધુને બહુ જોરદાર કાંટો વાગ્યો. ચાલવું પણ અશક્ય થઈ પડ્યું. સાથેના સાધુઓએ હસ્તિમિત્રને કહ્યું કે, 'તેમને ઉપાડીને ચાલીએ.' પણ હસ્તિમિત્રે તેમ કરવાની ના પાડી. સાધુઓને કહ્યું કે 'તમે આગળ જાઓ. હું અહીં જ દેહને ખપાવીશ.' સાધુઓએ આગળ વિહાર કર્યો. હસ્તિમિત્રનો પુત્ર હસ્તિભૂતિ સાધુઓ સાથે થોડે સુધી ગયો, પણ તેનું મન માન્યું નહીં. એટલે પિતાના સ્નેહથી પાછો ફર્યો. પિતાએ ઘણું કહ્યું કે 'સાધુઓ પાસે ચાલ્યો જા. અહીં મોટા જંગલમાં આહાર વિના તું ભૂખે મરીશ.' પુત્રે કહ્યું કે, 'મારું જે થવાનું હશે તે થશે, પણ હું અહીં તમારી પાસેથી જવાનો નથી.' પિતા હસ્તિમિત્ર અનશન કરી કાળ કરીને દેવલોકમાં ઉત્પન્ન થયા. પુત્રનું શું થશે એ ચિંતાથી તરત જ તેમણે મૃતશરીરમાં પ્રવેશ કર્યો, તેથી પુત્રને કાળ કર્યાની કશી ખબર જ પડી નહીં. મૃતશરીરમાં રહેલા દેવે કહ્યું કે, 'ભિક્ષા માટે ઝાડ નીચે જા.' હસ્તિભૂતિ

---

૧ વૈદિક સાહિત્યમાં એમ જણાવ્યું છે કે પ્રદ્યુમ્ન અને વૈદર્ભીના પુત્ર અનિરુદ્ધનું લગ્ન પણ રુક્મિ રાજાના પુત્રની પુત્રી રુક્માવતી સાથે થયું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઝાડ પાસે ગયો ત્યાં દૈવી પ્રભાવથી ઝાડમાંથી એક સોનાનો હાથ નીકળ્યો અને તેણે આહાર પાતરામાં વહોરાવ્યો. આ પ્રમાણે એક વર્ષ સુધી ચાલ્યું. જે સાધુઓ વિહાર કરી ગયા હતા તે ૧ વર્ષ પછી પાછા ફરતાં ત્યાં જ આવ્યા. હસ્તિભૂતિનો મેળાપ થયો. સાધુઓએ કહ્યું કે, 'તું શી રીતે જીવન ચલાવે છે?' ત્યારે તેણે બધી વાત કહી. સાધુઓએ જાણ્યું કે નક્કી દૈવી કરામત છે. દેવ પણ પ્રગટ થયો. તેણે કહ્યું કે, 'પુત્રના સ્નેહ અને ચિંતાથી અહીં આવીને મેં બધું કર્યું છે.' પછી દેવ દેવલોકમાં ચાલ્યો ગયો અને હસ્તિભૂતિ બીજા સાધુઓ સાથે મળી ગયા.

'ઉત્તરાધ્યયન સૂત્ર'ની કમલસંયમી ટીકામાં (પૃ. ૩૧-૩૨) ભોગકટક નામ છે. પરંતુ તે ભોજકટના બદલે જ લખ્યું છે એમાં શંકા નથી. જૂની ટીકાઓ તથા ચૂર્ણિ અત્યારે મારી પાસે હાજર ન હોવાથી તેમાં કેવો પાઠ છે, તે કહી શકતો નથી. પણ અહીં ભોજકટ જ અભિપ્રેત છે. ઉજ્જયિની જેનું પાટનગર હતું તે માલવ દેશ અને ભોજકટ જેનું પાટનગર હતું તે વિદર્ભ દેશ બંને પરસ્પર અડીને રહેલા છે.[1] નર્મદાથી ઉત્તરનો પ્રદેશ માલવ નામથી પ્રસિદ્ધ હતો. જ્યારે દક્ષિણનો ભાગ વિદર્ભ નામથી ઓળખાતો હતો. બંને વચમાં આડી નર્મદા નદી સરહદ રૂપે હતી.

---

૧ સંશોધકોનું એમ કહેવું છે કે વિદર્ભનો વિસ્તાર ઘણો મોટો હતો, પણ કાળક્રમે તે ઓછો ઓછો થતો રહ્યો છે. હમણાં વિદર્ભ ઉર્ફે વરાડમાં વરદા (વર્ધા) નદીની પશ્ચિમ તથા દક્ષિણ તરફના ઉમરાવતી, યવતમાળ, આકોલા તથા બુલઢાણા જિલ્લાનો સમાવેશ કરવામાં આવે છે. પરંતુ પહેલાં ઉત્તરે નર્મદા સુધી અને દક્ષિણે કૃષ્ણા સુધી પણ એક કાળે વિદર્ભનો વિસ્તાર હતો; એમ કહેવામાં આવે છે. દક્ષિણમાં ગોદાવરી સુધી તેનો વિસ્તાર હતો એના પુરાવા તો વિક્રમની ૧૫મી સદીના ગોદાવરીના કિનારે વસતા જ્યોતિષીઓએ લખેલા સંસ્કૃત સાહિત્યમાં પણ મળી આવે છે. મહાકવિ કાલિદાસે રચેલા માલવિકાગ્નિમિત્ર નાટકમાં અગ્નિમિત્રે યજ્ઞસેન અને માધવસેન બે ભાઈઓને વરદાના ઉત્તર તથા દક્ષિણ કિનારાના ભાગો આપીને વિદર્ભની વહેંચણી કરી આપ્યાનો ઉલ્લેખ છે—**तौ पृथग् वरदाकुले शिष्टामुत्तर-दक्षिणे। नक्तंदिवं विभज्योभौ शीतोष्णकिरणाविव ॥** [**मालविकाग्निमित्र पृ. १३**]

વર્ધા નદી વરાડની પૂર્વ દિશામાં પણ છે. અને કેટલેક સ્થળે ઉત્તરમાં પણ આવી જાય છે. આથી માલવિકાગ્નિમિત્રમાં ઉત્તર-દક્ષિણ કિનારા જણાવ્યા છે. વિદર્ભનું વરાડ નામ ક્યારથી પ્રચારમાં આવ્યું, એ ચોક્કસ કહી શકાતું નથી. પણ કેટલાંક લખાણોમાં તેને **वरदातट** જણાવ્યું છે તે ઉપરથી મહારાષ્ટ્રી પ્રાકૃતમાં **वरआअड** થઈને પાછળથી **वराड** થઈ ગયું હોય એમ સંશોધકોનું માનવું છે. આ **वरदातट** શબ્દના અર્થનો નિર્દેશ આપણને કાલિદાસના માલવિકાગ્નિમિત્રમાં **वरदाकुल** શબ્દમાં પણ મળે છે. આથી વરદા નદીની પૂર્વ બાજુએ રહેલા નાગપુર, વર્ધા, ચાંદા વગેરે મરાઠી ભાષા બોલતા પ્રદેશો પણ એક વખત વિદર્ભમાં જ હતા એમ સંશોધકોએ નક્કી કર્યું છે. આથી એ બધા છૂટા પડી ગયેલા પ્રદેશોની પુનર્યોજના કરીને **महाविदर्भ** પ્રાંત બનાવવાનું પણ લોકોમાં હમણાં આંદોલન ચાલી રહ્યું છે. વિદર્ભ દેશને દક્ષિણાપથ તરીકે પણ (દૂર દક્ષિણમાં જવાનો રસ્તો એ અર્થમાં) સાહિત્યમાં ઘણી જ વાર ગણવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રુકિમએ કુંડિનપુરથી રાજધાની બદલીને ભોજકટમાં સ્થાપ્યા પછી સેંકડો વર્ષો સુધી ભોજકટનું જ પ્રાધાન્ય રહ્યું છે. અને તે પણ એટલું બધું કે ભોજકટ રાજધાનીના નામથી વિદર્ભ દેશ 'વિદર્ભ' નામને બદલે 'ભોજકટ' દેશને નામે પણ ઓળખાતો હોવાનું સૂચવતા અનેક ઉલ્લેખો જૈનેતર સાહિત્યમાં મળે છે. આથી જૈન સાહિત્યમાં પણ ઉપર જણાવેલા ઉલ્લેખો સિવાય બીજા પણ ઉલ્લેખો ભોજકટના સંબંધમાં હોવા જોઈએ—હશે. પણ મારી પાસે અત્યારે સામગ્રી ન હોવાથી કંઈ લખી શકતો નથી.

ભોજકટનું સ્થાન.

એટલી વાત તો નક્કી જ છે કે ભોજકટ વિદર્ભનું પાટનગર હોવાથી વિદર્ભ દેશ કે જે અત્યારે વરાડના નામથી ઓળખાય છે તેમાં જ ભોજકટનું સ્થાન હોવું જોઈએ. વિદર્ભદેશની (વરાડની) બહાર ગમે તેટલાં ભોજકટો ઊભાં કરવામાં–કલ્પવામાં કે માનવામાં આવે તો પણ એનો કશો જ અર્થ નથી. આથી માળવામાં રાજગઢની દક્ષિણે પાંચ માઈલ દૂર આવેલા ભોપાવર તીર્થને કિંવા કચ્છમાં આવેલા ભુજના પ્રદેશને ભોજકટ માનવામાં આવે તેનો કંઈ અર્થ નથી. કેમકે તે વિદર્ભની બહાર છે. આથી મેં અહીં વરાડમાં આવીને ભોજકટના સ્થાનની ચોકસાઈપૂર્વક તપાસ કરવા માંડી અને માહિતી મળી કે આજે ઉમરાવતી પાસે આવેલું ભાતકુલી ગામ તે જ પ્રાચીન ભોજકટ છે.

વરાડમાં ઉમરાવતીથી પશ્ચિમે આઠ માઈલ દૂર ભાતકુલી નામે (લગભગ ૨૦/૫૬ ઉત્તર અક્ષાંશ તથા ૭૭/૪૦ પૂર્વ રેખાંશ ઉપર) એક પ્રાચીન ગામ આવેલું છે. અહીં પ્રાચીન કિલ્લો પણ છે. વરાડના લોકો આ ગામને જ પ્રાચીન ભોજકટ માને છે. અહીં રુકિમનું એક મંદિર પણ છે, તેથી પણ આ માન્યતાને પુષ્ટિ મળે છે. વળી કુંડિનપુરથી પણ આ ગામ લગભગ ૩૭ માઈલ કરતાં વધારે દૂર નથી. એટલે રુકિમ કૃષ્ણ સાથે લડવા માટે કુંડિનપુરથી નીકળીને આટલે દૂર આવ્યો હોય અને પછી પરાજય થવાને લીધે પોતાને ગામ કુંડિનપુર પાછો ન ફરતાં ત્યાં જ ભોજકટ નગર વસાવીને રહ્યો હોય એ

વૈદિકોના ભાગવત (સ્કંધ ૫, અધ્યાય. ૨. શ્લો. ૨૦)માં એવી વાત છે કે—ઋષભદેવે ભારતવર્ષ (**अजनाभवर्ष**) નવ પુત્રોને વહેંચી આપ્યું. તેમાં એક વિદર્ભ નામનો પણ પુત્ર હતો, તેના ભાગમાં આવેલા પ્રદેશનું નામ **विदर्भ** પડયું. આગળ જતાં ક્રથ અને કૈશિક નામના બે ભાઈઓ વિદર્ભના વંશમાં થયા, તેના ઉપરથી વિદર્ભનું ક્રથકૈશિક નામ પણ પડયું છે અને સાહિત્યમાં [માલવિકાગ્નિમિત્ર, ૫ મો અંક] તે નામથી પણ ઉલ્લેખ આવે છે. વૈદિકોના મત પ્રમાણે રુકિમણી આ કૈશિક રાજાના જ પુત્ર ભીષ્મકની પુત્રી હતી.

પુરાણોમાં ઘણે સ્થળે વિદર્ભનો દંડકારણ્યમાં પણ સમાવેશ કર્યો છે. અત્યારે પણ વરાડના બ્રાહ્મણો પોતાના ધાર્મિક કૃત્યમાં દેશ-કાળનો ઉચ્ચાર કરતાં **दण्डकारण्ये देशे गोदावर्या उत्तरे तीरे** એ પ્રમાણે જ ઉલ્લેખ કરે છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં **विदर्भी कौण्डिन्यः** એ નામથી એક ઋષિનો ઉલ્લેખ આવે છે. એટલે આ દેશના નામનો ઇતિહાસ ઘણો જ પ્રાચીન કાળ સુધી જાય છે.

૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વથા બનવાજોગ છે. વળી એલિચપુર (પ્રાચીન અચલપુર[1])ની દક્ષિણે ૬ માઈલ ઉપર ચમ્મક નામનું એક ગામ છે કે જે ભાતકુલીથી વાયવ્ય કોણમાં લગભગ ૨૦ માઈલ દૂર થાય છે. અહીંઆં એક ખેડૂતને ખેતી કરતાં સાત ટુકડાને જોડીને બનાવેલો એક મોટો તામ્રપટ ઈસ્વીસન ૧૮૬૮ માં મળી આવ્યો હતો. પ્રત્યેક ટુકડો ૭ાા ઈંચ લાંબો અને ૩ાા ઈંચ પહોળો હતો. તેના ઉપર નીચે પ્રમાણે મુખ્ય માહિતી કોતરેલી મળે છે—

ॐ **स्वस्ति प्रवरपुरात्...... वाकाटकानां परममाहेश्वरमहाराजश्री प्रवरसेनस्य वचनात्...... भोजकटराज्ये मधुनदीतटे चर्मांकनामग्रामः राजमाणिक (?) भूमिसहस्रैरष्टाभिः (८०००) शत्रुघ्नराजपुत्रकोंडराजविज्ञप्त्या नानागोत्रचरणेभ्यो ब्राह्मणेभ्यः सहस्राय दत्तः**

અર્થ—"પ્રવરપુરથી (જણાવવામાં આવે છે કે) વાકાટકવંશના પરમમાહેશ્વર મહારાજા પ્રવરસેનની આજ્ઞાથી ભોજકટ રાજ્યમાં મધુ નદીને કિનારે આવેલું ચર્માંક (ચમ્મક) ગામ ૮૦૦૦ રાજમાણિક ભૂમિ (તે વખતમાં ચાલતું માપ લાગે છે) વડે શત્રુઘ્ન રાજના પુત્ર કોંડરાજની વિજ્ઞપ્તિથી જુદા જુદા ગોત્રવાળા બ્રાહ્મણોને આપવામાં આવે છે."

તામ્રપટ (દાનપત્ર)માં આ પછી સારું વર્તન રાખવા વગેરેની કેટલીક શરતો દાખલ કરવામાં આવી છે. તેમ જ બ્રાહ્મણોનાં ગોત્ર સહિત નામો કોતરેલાં છે અને છેવટે તેના ઉપર નીચે પ્રમાણે રાજમુદ્રા છે—

वाकाटकललामस्य क्रमप्राप्तनृपश्रियः। राज्ञः प्रवरसेनस्य शासनं रिपुशासनम्॥

આ તામ્રપટ સુમારે વિક્રમ સંવત ૫૮૭માં લખેલો છે. વાકાટક વંશના સંબંધમાં તામ્રપટ અને શિલાલેખો મળી લગભગ ૬ લેખો આજ સુધીમાં અલગ અલગ સ્થળે

---

૧ 'ઈલ રાજાના નામ ઉપરથી इलिचपूर અથવા एलिचपुर નામ પડ્યું હોવાનો तवारीख–ई–अमजदीના લેખકનો તર્ક છે' એમ મેં મારા કુંડિનપુર (તા. ૧૫–૫–૫૦)ના લેખમાં આ જ માસિકના પૃ. ૧૬૦માં જણાવ્યું છે. આ વિષે અધિક તપાસ કરતાં જણાયું છે કે તે ઇસ્વીસન ૧૮૬૦માં (ઉર્દૂ તથા ફારસીમાં) છપાયેલી છે અને તે સમય આસપાસ જ ત્યાંના એક મુસલમાને તે લખી છે. એટલે ઈ. ૧૮૬૦ની तवारीख–इ–अमजदी કોઈ પ્રાચીન પુરાવો ન જ ગણી શકાય. વિદ્વાનોએ હવે આને अचलपुर જ નક્કી કરી દીધું છે. ત્યાંની કોંગ્રેસ સમિતિ પણ હવે अचलपुर कोंग्रेस समितिના નામથી જ ઓળખાય છે.

પ્રાકૃત વ્યાકરણમાં ल અને च ના વ્યત્યય સંબંધમાં 'अचलपुर ને अलचपुर कहे છે' આ જે ઉદાહરણ આપવામાં આવ્યું છે અને જેનો મેં કુંડિનપુરના લેખમાં પૃ. ૧૬૧માં ઉલ્લેખ કરેલો છે તેને પણ પુષ્ટિ આપતું પ્રમાણ મળી ગયું છે. મહાનુભાવપંથ નામના મહારાષ્ટ્ર તથા વરાડમાં ચાલતા એક હિંદુસંપ્રદાયના પ્રાચીન મરાઠી ભાષામાં લખાયેલા સાહિત્યમાં અળજપુર નામથી જ અચલપુરનો—આજના એલિચપુરનો ઉલ્લેખ અનેકવાર કરેલો છે કે જે ઉલ્લેખ વિક્રમની લગભગ ૧૩ મી ૧૪ મી શતાબ્દી જેટલો જૂનો છે. અલચપુરના લ નો ળ થયો (દક્ષિણમાં લ ની જગ્યાએ ળ જ બોલવાનો ઘણો રિવાજ છે), અને તે રીતે અપભ્રંશ થઈને च નો ज થયો. આ પ્રમાણે अचलपुरનું अलचपुर અને તેનું જ અપભ્રંશ અળજપુર થયું. ઘસાઈ બદલાઈને–અત્યારે વળી એલિચપુર થઈ ગયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મળ્યા છે. સંશોધકોએ ઘણું સંશોધન કરીને નક્કી કર્યું છે કે આ પ્રદેશમાં વિક્રમની ચોથીથી છઠ્ઠી સદીમાં વાકાટક વંશનો ઘણો જ ઉત્કર્ષ હતો અને તેનું સામ્રાજ્ય પણ ઘણું ફેલાયેલું હતું.

તામ્રપટમાં જણાવેલ ચર્માંક ગામ તે આજનું ચમ્મક જ છે એમાં કંઈ કહેવાની ભાગ્યે જ જરૂર છે. ચર્માંકનું પ્રાકૃત ચમ્મંક અને તેનું પછીથી ચમ્મક થઈ ગયું છે. લેખમાં ચમ્મક મધુ નદીને કિનારે જણાવ્યું છે, પણ વર્તમાનમાં લોકો એ નદીને ચંદ્રભાગાના નામથી ઓળખે છે. પણ દક્ષિણ મહારાષ્ટ્રમાંનું હિંદુઓનું મોટું તીર્થ પંઢરપુર ચંદ્રભાગાને કિનારે આવેલું છે તે સાચી ચંદ્રભાગા છે. પોતાની નદીઓને પવિત્ર બનાવવા માટે તીર્થસ્થાનોમાં વહેતી કંઈક નદીઓનાં નામો આવી રીતે ઉછીનાં લઈને પોતાની નદીઓને લગાડી દેવામાં આવ્યાં છે. નિઝામ સ્ટેટમાં પૈઠણ (પ્રતિષ્ઠાન-પુર) વગેરે પાસે વહેતી ગોદાવરી નદીને ભાગ્યે જ ત્યાંનો કોઈ માણસ 'ગોદાવરી' એમ કહેનારો મળશે. ત્યાં બધા લોકો એને ગંગા જ કહે છે. તે પ્રમાણે કેટલીય નદીઓને અંતે લોકોએ 'પેનગંગા, વેનગંગા, પંચગંગા' એમ ગંગા શબ્દ લગાડી દીધેલો છે. એટલે ચમ્મક પાસે આજે વહેતી ચંદ્રભાગા જ તે વખતની મધુનદી છે.

તામ્રપટમાં ચમ્મક ભોજકટ રાજ્યમાં હોવાનું લખેલું છે. એટલે ત્યાંથી વીશેક માઈલ દૂર રહેલું ભાતકુલી કે જેનું પ્રાચીન નામ ભોજકટ છે તેના તાબામાં આ ગામ હોય એ સર્વથા સંભવિત છે. આજથી લગભગ દોઢ હજાર વર્ષ પહેલાં આ પ્રદેશ ભોજકટને નામે જ પ્રસિદ્ધ હતો. તેથી 'વરાડના લોકો ભાતકુલીને ભોજકટ માનતા આવ્યા છે,' તે સાચું ઠરીને ઊભું રહે છે. આથી વિદ્વાન સંશોધકોએ ભાતકુલીને જ ભોજકટ તરીકે સ્થિર કર્યું છે. ગામ પણ પ્રાચીન જ છે.

વર્તમાન કાળે ભોજકટમાં લગભગ પાંચ હજાર માણસની વસ્તી છે. દિગંબર જૈનો પણ ઠીક સંખ્યામાં વસે છે. તેમનું મંદિર છે. તેમજ આજથી દોઢસો વર્ષ પહેલાં ત્યાં જ મળી આવેલી પ્રાચીન મૂર્તિઓની પણ તેમણે સ્થાપના કરી છે. તેઓ આ સ્થાનને તીર્થ જેવું માને છે. દર કાર્તિક વદ ૫ ને દિવસે ત્યાં તેમનો મોટો રથોત્સવ પણ થાય છે.

'ભોજકટ' નામ પાડવાનું કારણ.

રુક્મિ રાજા ભોજકુળનો હોવાથી પોતે વસાવેલા નવા પાટનગરનું તેણે ભોજકટ નામ રાખ્યું હતું. આ ક્ષત્રિયો ચંદ્રવંશમાં ભોજકુળના[1] હતા. તેથી 'ભોજકટ' શબ્દનો અર્થ[2]

---

૧ જૈન સાહિત્યમાં એવી હકીકત આવે છે કે પરમાત્મા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને રાજ્યવ્યવસ્થા–પ્રજારક્ષણ માટે જે લોકોને નીમ્યા હતા તેમાં ઉગ્ર દંડ–શિક્ષા કરનારાઓને ભગવાને उग्र સંજ્ઞા આપી હતી. પ્રધાન વગેરે થયા તે 'ભોગ' સંજ્ઞાથી પ્રસિદ્ધ થયા. ભગવાનની સમાન વયવાળા હતા તે રાજપુત્રો રાજકુળવાળા કહેવાયા. બાકીના ક્ષત્રિય નામથી પ્રસિદ્ધ થયા. આ પ્રમાણે જૈનોમાં કુળની વ્યવસ્થા છે.

૨ ઋગ્વેદ વગેરે વેદોમાં તેમ જ મહાભારતમાં ચંદ્રવંશ કે સૂર્યવંશનું નામ નથી. પણ તેના પ્રાચીન પુરુષોનાં નામો મળે છે. મહાભારતમાં ચંદ્રવંશીઓને पल અને સૂર્ય-વંશીઓને पक्ष्वाक જણાવ્યા છે. વેદ–મહાભારત (ઈતિહાસ)–પુરાણોને આધારે ભોજકુલની આ જાતની માહિતી મળે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'ભોજ' જાતિના ક્ષત્રિયોનું સ્થાન[3] એમ થાય છે. આ ભોજકુળના રાજાઓની પરંપરા સંબંધમાં વૈદિકોના મહાભારત વગેરે ગ્રંથોમાં સારો વિસ્તાર છે.

વ્યવસ્થિત સંશોધનની આવશ્યકતા.

એક સમય એવો હતો કે ભારતવર્ષના ચારે ખૂણે જૈનધર્મની ગૌરવવંતી ધ્વજ-પતાકા ફરકતી હતી. આખા ભારતવર્ષમાં ભાગ્યે જ એવું પ્રાચીન સ્થાન મળશે કે જે જૈનધર્મની જાહોજલાલીથી વિભૂષિત નહીં થયું હોય. હિંદુસ્તાનના કોઈ પણ ખૂણે તપાસો જ્યાં બૌદ્ધધર્મ અને હિંદુધર્મનાં પુરાતન અવશેષો મળશે ત્યાં જૈનધર્મનાં પણ મૂર્તિ આદિ અવશેષો અવશ્ય મળવાનાં જ મળવાનાં. યુરોપિયનોની અને તેમને અનુસરતા કેટલાક ભારતીયોની પણ અજ્ઞાનતાને લીધે હજારો પ્રાચીન અવશેષો બૌદ્ધોને નામે પણ ચડી ગયાં છે. આજે જૈનોની સંખ્યા ભલે નાની થઈ ગઈ હોય પણ ભૂતકાળમાં હિંદુ-સ્થાનના હજારો ગામો અને નગરો જૈન સંસ્કૃતિથી ગાજતાં હતાં અને જૈનધર્મનાં કેન્દ્ર હતાં. આથી જૈનસાહિત્યને બાજુએ મૂકીને ભારતવર્ષનો પ્રાચીન ઇતિહાસ તેમજ પ્રાચીન ભૌગોલિક સંશોધન કરવા માટે ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો પણ તે હંમેશાં અધૂરો જ રહેવાનો છે પરંતુ જૈનેતરો ભલે જૈન સાહિત્યને હમણાં કદાચ ધ્યાનમાં ન લે પણ આપણે તો આપણું સંશોધન વ્યવસ્થિતરીતે તૈયાર કરવું જ જોઈએ. આપણા

ચંદ્રને બુધ નામનો પુત્ર હતો. બુધને ઈલાથી પુરૂરવા નામે પુત્ર થયો. પુરૂરવાના વંશમાં યયાતિ થયો. યયાતિને બે સ્ત્રીથી यदु, तुर्वसु, द्रुह्यु, अनु અને पुरु નામના પાંચ પુત્રો થયા હતા. તેમાં द्रुह्यु ની પુત્રપરંપરા ભોજ નામે પ્રસિદ્ધ થઈ. (**यदोस्तु यादवा जाता स्तुर्वसोर्यवनाः स्मृताः। द्रुह्योः सुतास्तु वै भोजा अनोस्तु म्लेच्छ-जातयः॥—महाभारत, आदिपर्व**)

મહાભારતના સભાપર્વમાં કૃષ્ણે જણાવ્યું છે કે, 'યયાતિના કુળમાં જન્મેલા ભોજ રાજા ગુણવાન છે અને ચારે દિશામાં ફેલાયેલા છે.' અવંતિ (માલવ) અને મધ્યદેશના ભોજ રાજાઓના ભયથી કૃષ્ણના વૃષ્ણિકુલને દ્વારકા ચાલ્યા જવું પડયું હતું એમ પણ મહાભારતમાં જણાવ્યું છે.

૩ કેટલાક સંશોધકો રુકિમઓ લડાઈમાં હારી જવાથી કુંડિનપુર પાછા ન ફરતાં ભોજકટ નામે નવું નગર વસાવ્યું એ વાત ઉપરથી ભોજકટક શબ્દ કલ્પે છે અને તેનો અર્થ 'ભોજ જાતિના ક્ષત્રિયોની લશ્કરી છાવણી' એવો કરે છે. કારણ કે **कटक** શબ્દનો અર્થ સેના થાય છે. તેઓની કલ્પના છે કે **कट** શબ્દ એ **कटक** શબ્દનું ટૂંકું રૂપ છે. પરંતુ તેમની આ માન્યતા-કલ્પના યુક્તિયુક્ત લાગતી નથી. કારણ કે સૈન્ય અર્થનો કશો પણ સંબંધ ન હોય એવાં ગામોને અંતે પણ **कट** શબ્દ અનેક સ્થળે વપરાયો છે. ઉદાહરણ તરીકે જ્યાં દંડકારણ્ય થયું ત્યાં પહેલાં **कुम्भकारकटक** નામનું નગર હતું એવો ઉલ્લેખ 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' વગેરે અનેક ગ્રંથોમાં છે. અહીં **सैन्य** અર્થનો કશો જ સંબંધ નથી. સંભવ છે કે **कुम्भकार**ની સંખ્યા વધારે હોવાથી **कुम्भकारकटक** નામ પડયું હોય માટે **कटक** શબ્દનું ટૂંકું રૂપ **कट** છે એમ માનવાની જરૂર નથી જ. એ રીતે **धन्यकट** નામનું પણ શહેર હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાહિત્યમાં હજારો સ્થળોનો અને વ્યક્તિઓનો નામોલ્લેખ આવે છે. આ બધાને આધારે ઐતિહાસિક અને ભૌગોલિક સંશોધન થવું જોઈએ અને આ કાર્ય પુરાતત્ત્વખાતાના અનેક ડાયરેકટર જનરલો કરી શકે તેના કરતાં જૈન મુનિઓ બહુ જ સારી રીતે કરી શકે તેમ છે. ગૃહસ્થ સંશોધકોને સંશોધન કરવા માટે ખાસ ફરવા નીકળવું પડે છે. જ્યારે જૈન સાધુઓ તો તેમના ધર્મ પ્રમાણે હમેશાં એક ગામથી બીજે ગામ દેશ દેશમાં ફર્યા જ કરતા હોય છે. અને આ કાર્ય પ્રત્યક્ષ દર્શનથી જેટલું સુંદર વિશદ અને ચોકસ થઈ શકે છે તેટલું તે સિવાય થઈ શકતું નથી એટલે તે તે દેશ અને સ્થાનોમાં ફરતા પૂજ્ય મુનિરાજો જો આ દષ્ટિથી સંશોધન કરવા લાગી જાય અને તેને પ્રકાશમાં મૂકવા માંડે તો આપણું ઐતિહાસિક, ભૌગોલિક, તથા પુરાતત્ત્વ વગેરે સંબંધી સંશોધન થોડા જ વખતમાં છતાં સુંદરમાં સુંદર અને ચોકસાઈ ભરેલું અનાયાસે જ તૈયાર થઈ જાય. આની સુંદરતા અને વિશદતાનો પ્રકાશ બીજાઓ ઉપર પણ પડશે જ. નહીં તોયે છેવટે આપણું સાહિત્ય તો દિવ્ય બનશે જ બનશે. અને ભારતવર્ષના સાહિત્યખજાનામાં આપણું જૈનસાહિત્ય અને સંશોધન એક અમૂલ્ય જવાહીર તરીકે ઝળકશે જ ઝળકશે એ નિઃશંક છે.

सं. २००६, अधिक आषाढशुक्ल सप्तमी
ताजनापेठ, जैन मन्दिर
मु. आकोला (विदर्भ=वराड)

मुनिराज श्रीभुवनविजयान्तेवासी
मुनि जम्बूविजय

✱

સંસ્કૃતિનું સ્વરૂપ

ધર્મથી સંસ્કૃતિમાં મૌલિક અંતર છે. જ્યારે ધર્મનો સંબંધ મનુષ્યના વ્યક્તિગત જીવન સાથે હોય છે એવી હાલતમાં, સંસ્કૃતિ વ્યક્તિ અને સમાજ બંનેના આચાર અને વિચાર પર સમાન દષ્ટિ રાખે છે. સંસ્કૃતિ આત્મા છે અને સભ્યતા તેનું બાહ્ય રૂપ છે.

સામાન્ય રીતે સંસ્કૃતિ એક છે. મુખ્ય વિવાદ આચાર અને વિચારની વ્યાખ્યામાં છે. આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરીને પણ સાધારણ રીતે આપણને વિશ્વમાં બે પ્રકારની વિચારધારાઓ અનુભવમાં આવે છે. એથી આચારભેદ થતાં આપણે સંસ્કૃતિને બે ભાગોમાં વિભાજિત થતી જોઈએ છીએ. ભારતવર્ષમાં આ બંને પ્રકારની સંસ્કૃતિઓનો પર્યાપ્ત વિકાસ થયો છે. જો કે વર્તમાન સમયમાં ભેદક રેખા ખેંચવી મુશ્કેલ છે, કેમકે આ બંનેએ એક બીજાનાં તત્ત્વોનો ઘણા અંશે સ્વીકાર કરી લીધો છે, પરંતુ તેના પ્રારંભ કાળમાં એમાં પર્યાપ્ત સંઘર્ષ રહ્યો છે. સાધારણ રીતે આ બંને સંસ્કૃતિઓને આપણે શ્રમણ સંસ્કૃતિ અને વૈદિક સંસ્કૃતિના નામે પોકારીએ છીએ. શ્રમણ સંસ્કૃતિનો મુખ્ય આધાર શ્રમ છે જ્યારે વૈદિક સંસ્કૃતિનો આત્મા પ્રભુસત્તા છે. શ્રમ સ્વાવલંબનનું પ્રતીક છે અને પ્રભુસત્તા પરાવલંબનનું. એથી જ આપણે ક્રમશઃ સ્વાવલંબન અને પરાવલંબનની સંસ્કૃતિ એમ કહેવું ઠીક સમજીએ છીએ.

'શ્રમણ'
વર્ષ ૧, અંક ૮

પં૦ ફૂલચંદજી શાસ્ત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇતિહાસના અજવાળે

[૮]

લેખક : શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

Chandragupta, king of Patliputra, abdicated, became a Jain ascetic, and died at Sravana Belgola in Mysor.

— Mr. Lewis Rice.

સમ્રાટ ચંદ્રગુપ્ત પછી બિન્દુસાર ગાદી પર આવ્યો. એ પણ જૈનધર્મી રાજા હતો, એમાં ઇતિહાસકારોને શંકા ધરવાપણું નથી. સમ્રાટ અશોક એ ખરેખર નામાંકિત રાજવી હતો પણ એના રાજ્યવિસ્તાર સંબંધમાં એના ભાઈ–ભાંડુ સાથેના વર્તાવ સંબંધમાં અને એણે કલિંગ પર ચઢાઈ કરી જે ભયંકર કેર વર્તાવ્યો હતો એ સંબંધી પ્રાપ્ત થતા ઉલ્લેખોમાં જેમ ભિન્નતા દૃષ્ટિગોચર થાય છે તેમ ઇતિહાસકારોમાં પણ જુદા જુદા મત પ્રવર્તે છે. એના નામે જે શિલાલેખો ઓળખાય છે અને એમાં જે બાબતોના ઉલ્લેખ છે એ વિચારતા એણે કલિંગ યુદ્ધમાં લીધેલી વલણ બંધ બેસતી થતી નથી. વળી શિલાલેખમાં આવતી કેટલીક વાતો સંબંધે બૌદ્ધશાસ્ત્રોમાં કંઈ જ નોંધ મળતી નથી. જ્યારે એ પોતે બૌદ્ધધર્મી હતો એ વાત સ્વીકૃત થયેલી ગણાય છે. શિલાલેખોમાં જે શિક્ષાવચનો આલેખાયેલા છે એ જૈનધર્મના ઉપદેશ સાથે ઘણાં મળતાં આવે છે. વળી 'પ્રિયદર્શી'નો અર્થ અશોક કરવામાં આવે છે અથવા તો એને અશોકનું વિશેષણ ગણવામાં આવે છે એ કરતાં એ નામ કિંવા વિશેષણ સમ્રાટ સંપ્રતિને વધુ બંધબેસતું થઈ શકે છે. જૈન સાહિત્યમાં અશોકના જીવન સંબંધમાં એની એક રાણીના કાવત્રાનો ભોગ બનનાર વડીલ પુત્ર કુણાલ સંબંધમાં, તેમજ એ પુત્ર અંધ થયા પછી, પોતાની સંગીત કળાના જોરે સ્વપુત્ર સંપ્રતિ માટે પિતા એવા અશોક પાસે પાટલીપુત્રમાં આવવા સંબંધે અને એની કળાથી રંજિત થઈ, અશોકે પૌત્રને રાજ્ય આપવા અંગે કરેલી જાહેરાત સંબંધનાં વર્ણનો પ્રાપ્ત થાય છે. આંગ્લ ઇતિહાસકારોની નજર કાં તો એ તરફ ફરી નથી અથવા તો એ અંગે તેઓ અમે તે કારણે મૌન છે પણ એક વાત તો દીવા જેવી તારવી શકાય છે અને તે એ કે રાજધાની પાટલીપુત્રમાં હતી જ્યારે અવંતી કિંવા ઉજ્જૈની એ મધ્ય ભારત વગેરે માટે બીજી રાજધાનીરૂપ હતું. અર્થાત્ વર્તમાન કાળે જેમ સમ્રાટ પંચમ જ્યોર્જ લંડનમાં વસતા ત્યારે તેમનો વાઈસરોય દિલ્હીમાં રહેતો; એ પ્રમાણેની સ્થિતિ હતી. ટૂંકમાં કહીએ તો યુવરાજના હાથમાં ઉજ્જૈનીનો વહીવટ રહેતો કિંવા મુખ્ય વારસને ઉજ્જૈનીનો સુબેદાર બનાવવામાં આવતો.

Ujjain, the Capital of Western India was equally famous, and equally suitable as the seat of a Viceregal government. Reckourd to be one of the seven Sacred Cities, and standing on the road leading from the busy ports of the western coast to the markets of the interior, it combined the advantages of

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

a favourite place of pilgrimage with those of a great comrcial depot. The city was recognized as the head quarters of Indian astronomy, and louglitudes were computed from its meridian.

ઉપરના ફકરામાં ઉજ્જૈનને મહત્ત્વના સ્થાન તરીકે સ્વીકારાયું છે અને જૈન સાહિત્યમાં અવંતી યાને ઉજ્જૈનની મહત્તાના પ્રસંગો તો સંખ્યાબંધ સાંપડે છે. કેટલીયે ઐતિહાસિક શૃંખલાઓ ભગવંત મહાવીરદેવના સમય પૂર્વેની તેમજ ત્યાર પછીની એ પ્રાચીન પુરીમાં જ સંધાય છે. મગધનો વાઇસરોય ત્યાં રહેતો હતો એ પણ વાત મહાશય વિન્સેન્ટ સ્મિથ સ્વીકારે છે, આ રહ્યા એ શબ્દો—

The western provinces of Malwa, Guzerat, and Kathiawar the Govrnment of a prince, whose head quarters were at the ancient City of Ujjain.

કુણાલ અશોકનો પાટવી કુંવર હતો અને યુવરાજ તરીકે એના હાથમાં ઉજ્જૈનીની લગામ હતી એ વાત સ્પષ્ટ છે. આ રીતે મગધ મહારાજ્યનો અશોક પછીનો વારસદાર કુણાલ હતો એ દીવા જેવું સ્પષ્ટ છે. બૌદ્ધધર્મી રાણીએ એક બૌદ્ધધર્મી સાધુની દોરવણીથી પોતાના પુત્રને એ વારસો મળે એ અર્થે જે કાવત્રું રચ્યું એથી કુણાલ પોતાની જાતે પિતૃઆજ્ઞા પાળવા સારુ અંધ બન્યો. એ બનાવ ઉજ્જૈનીમાં બન્યો. પાછળથી એણે પોતાના પુત્ર સંપ્રતિ માટે રાજ્યની માગણી પાટલીપુત્રમાં આવીને કરી ત્યારે સમ્રાટ અશોક, યુવરાજના અંધત્વ પાછળ કેવાં ચક્રો ગતિમાન થયાં હતાં એ જાણીને એને સંપૂર્ણ વૈરાગ્ય આવ્યો. એ વેળા સાચા હકદારને રાજ્ય આપવા તે ઇંતેજાર બને છે પણ એ હકદાર તો અંધ છે. અંધ પુત્ર રાજ્ય ન ચલાવી શકે એ સ્પષ્ટ છે. એથી એ સવાલ કરે છે ત્યારે કુણાલ જણાવે છે કે તેને ઘેર થોડા સમય પૂર્વે પુત્ર જન્મ થયો છે. 'સંપ્રતિ' શબ્દ પાછળનો ઉપર વર્ણવ્યો તેવો જાણવાજેવો ઇતિહાસ છે. કુણાલ જેવો સત્યનિષ્ઠ અને પ્રામાણિક રાજપુત્ર, વળી સમ્રાટ ચંદ્રગુપ્તના વંશમાં પરંપરાથી જૈન ધર્મના સંસ્કાર પામતો આવેલો અને મોટા ભાગનો વસવાટ ઉજ્જૈનીમાં હોવાથી ત્યાં અવારનવાર પધારતા જૈનધર્મી આચાર્યોના સંપર્કમાં રહેલો. બૌદ્ધધર્મી સાધુઓને અશોક પછી એના રાજ્યમાં પોતાનું સ્થાન ઊતરી જવાનો ભય લાગ્યો હોય તો એ બનવાજોગ છે. એટલે જ એની આંખો ફોડાવવાનો પ્રપંચ રચાયો હશે. આમ એક કાંકરે બે પક્ષી મારવાનો ઇરાદો હશે. પણ વિધાતાએ જુદું નિર્ધારેલ હતું. વાત ઉઘાડી થઈ ગઈ. અશોક રાજવીના જીવનમાં પાછળથી જે ધર્મીપણાની વિશેષ છાયા દષ્ટિગોચર થાય છે તેનું કારણ પોતાના વહાલા પુત્ર કુણાલના સમાગમમાં રહેલું છે. પોતે મગધનું રાજ્ય કુણાલ પુત્ર સંપ્રતિને આપે છે; અને એ ઉંમરલાયક થાય ત્યાં સુધી પોતે પૌત્રવતી એની સંભાળ લે છે. એ આંગ્લલેખકોના અન્ય અનુમાનો કરતાં વધારે બુદ્ધિમાં ઊતરે તેવું અનુમાન છે—તો પછી સંપ્રતિ માટે તેઓ મૌન કેમ છે? એ પ્રશ્નની વિચારણા આગળ ઉપર કરીશું.

[ચાલુ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુલાબ અને કાંટા

જૈનોને જાણવાજોગ કેટલીયે હકીકતો તરફ આપણી ભારે ઉપેક્ષાવૃત્તિ જોવાય છે. એવી હકીકતો તરફ અહીં સહુનું ધ્યાન દોરવામાં આવે છે.

જે નવલકથાઓએ એક વાર ભારે ચકચાર જગાડેલી, એ શ્રી કનૈયાલાલ મુનશી-કૃત સોલંકી યુગની ત્રણ નવલકથાઓ 'પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ ને રાજાધિરાજ'માંથી 'ગુજરાતના નાથ' ની ફિલ્મ ઉતારવાની તૈયારીઓ ચાલતી હોવાના સમાચાર સાંપડે છે. હાલમાં ફિલ્મની દૃષ્ટિએ વાર્તા ચર્ચાઈ રહી છે, એમ કહેવાય છે. આ નવલકથાના યુગને અને જૈનોને ભારે સંબંધ હોવાથી અથવા એમ કહીએ તો પણ ચાલે, કે જ્યારે ગુજરાતમાં સંસ્કાર, શૌર્ય ને મુસદ્દીવટની જરૂર હતી ને બીજા વર્ગમાં તેનો ઘણો અભાવ હતો ત્યારે જૈનો જાહેર જીવનમાં આવ્યા ને ગુજરાતના સંસ્કારને, સામ્રાજ્યને અને ખુદ તેના ઇતિહાસને રક્ષ્યો. એટલે સારાંશમાં જૈનોનો એ સુવર્ણયુગ હતો.

આ યુગને ઇતિહાસ, નવલકથા કે નવલિકા રૂપે ન્યાય આપતાં, પહેલાંના જૈનેતર લેખકોએ તે તરફ એક આંખે જોયાનો આક્ષેપ છે, અને તે કેટલેક અંશે સાચો પણ છે. આપણે જેની વાત કરીએ છીએ, તે જ નવલકથાઓમાં જૈન પાત્રો કેવી રીતે ચિતરાયાં છે, તે જરા જોઈ લઈએ.

૧. **પાટણની પ્રભુતા** : આ નવલકથા સિદ્ધરાજ જયસિંહના પિતા ને રાણી મિનળના પતિ રાજા કર્ણદેવના મૃત્યુ સમય આસપાસની છે. લેખકના કહેવા મુજબ 'ચંદ્રાવતીમાં જૈનોએ સ્વતંત્ર સંસ્થા સ્થાપી હતી. અને તેઓએ પાટણની સત્તા હાથ કરવા આનંદસૂરિ નામના જતિને મોકલ્યો. " આ જતિ અનેક રાજખટપટો કરે છે. ને જૈન ધર્મના કટ્ટા દુશ્મન દેવપ્રસાદને દધિસ્થળીમાં તેના મહાલયમાં જ સળગાવી મારી નાખે છે. (આ દેવપ્રસાદના પુત્ર ત્રિભુવનપાળ ને તેના પુત્ર પરમ આર્હંત ગૂર્જરેશ્વર કુમારપાળ) પછી પાટણનો નગરશેઠ મુંજાલ મેદાને પડે છે ને અંતે યતિજી માનભંગ થઈ પાટણ છોડે છે.

ગુજરાતનો નાથ : પાટણની પ્રભુતા પછીની નવલકથા–ગુજરાતનો નાથ છે, જેની નવમી આવૃત્તિ હમણાં ૧૯૪૭ માં થઈ છે, એટલે સહેજે દશથી પંદર હજાર નકલો તેની ખપી ગઈ છે. આમાં મહામંત્રી ઉદયનને ખંભાતના સર્વસત્તાધીશ ચીતર્યા છે. ને શ્રી. મુનશીનું કલ્પનાસંતાન રૂપાળી મંજરી પાછળ દીવાના બનેલા બતાવ્યા છે. એ મંજરીને સતાવે છે, ચોરી છૂપીથી ઉપાડી જાય છે, ને પરણવા માગે છે. બીજી તરફ ખંભાતના મુસલમાનો પર શ્રાવકો દ્વારા જુલમો વરસે છે, એમનાં ઘર બાળી મૂકવામાં આવે છે, ને ન્યાયની તક આવતાં બધાંને ઉદયન ગૂમ કરી દે છે–વગેરે બતાવ્યું છે. આ હકીકત 'જામીઉલ હીકાયત' નામના ગ્રંથ પરથી લીધી છે, એમ સંદર્ભ પણ છે. આ સિવાય ઉપાશ્રયોને ખટપટનાં ધામ ને ગરીબોના છોકરાઓને ભગાડીને સંતાડી રાખવાનાં સ્થાન તરીકે બતાવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજાધિરાજ : આ ત્રીજી નવલકથામાં મુનશીનું કલ્પનાપાત્ર મંજરી ખૂબ ખીલે છે. ને તેમાં કલિકાલસર્વજ્ઞ શ્રી. હેમચંદ્રાચાર્યવાળો પ્રસંગ જગજાણીતો છે.

છતાં અત્રે 'ગુજરાતનો નાથ' પ્રસ્તુત હોવાથી એ વિષે એટલું કહેવું બસ થશે, કે ફિલ્મના દિગ્દર્શકો આ નવલકથાને ખૂબ વિશદતાથી સ્પર્શે ને આ બિનસાંપ્રદાયિક જમાનામાં કોઈ ધર્મની કે તેના મહાન શ્રદ્ધેય પુરુષોની ઠેકડી ન થાય તેમ પ્રસંગો યોજે. શ્રી. મુનશીની નવલકથાઓ એ કંઈ નર્યો ઇતિહાસ નથી. એ નવલકથાના ઉપોદ્ઘાતના લેખક સાક્ષરવર્ય નરસિંહરાવ ભો. દીવેટિયા કહે છે તેમ—"આ વાર્તા છે, ઇતિહાસ નથી. ઇતિહાસની સામગ્રી લઈ રચેલી કથા છે, એટલું સ્મરણમાં રાખતાં આટલી ઇતિહાસ સાથે લીધેલી છૂટનો ખુલાસો મળવા સાથે ક્ષમા પણ મળશે જ." એટલે ફિલ્મ દિગ્દર્શક જરૂર આ વાતનો વિચાર કરી પોતાની ફિલ્મ વાર્તા તૈયાર કરે. ને જૈનો પણ મીઠાશથી પોતાની વાત રજૂ કરી દિગ્દર્શકને સત્ય સમજાવે. ને શાંતિથી એ કાળના જૈનોનું ઉદાત્ત જીવન તથા મહામંત્રી ઉદયનની શૌર્ય ને ત્યાગ ભરી જીવનકથા તેઓને આપે. કડવાશથી કોઈ કામ સિદ્ધ થતું નથી, એ આપણો અનુભવ છે.

*

અમદાવાદ રેડિયો પરથી હાલમાં સારાં પુસ્તકોની માસિક આલોચનાઓ કરાવવામાં આવે છે: આ વર્ષના મે મહિનાની ૨૯મી તારીખે ગુજરાત કોલેજના વિદ્વાન પ્રોફેસર શ્રી. ધીરુભાઈ ઠાકરે રેડિયો પરની માસિક આલોચનામાં શ્રી. જયભિખ્ખુની તાજેતરમાં બહાર પડેલ ભગવાન મહાવીર સ્વામીના યુગની નવલકથા 'મત્સ્ય ગલાગલ' વિષે વિવેચન કર્યું હતું.

×

ટૂંક સમય પહેલાં મહાવીર જયન્તી પ્રસંગે શ્રી. જયન્તી દલાલે અમદાવાદ રેડિયો પર "વસ્ત્રાર્ધ" કરીને દેવદૂષ્યને લગતી નાટિકા રજૂ કરી હતી.

×

"વસ્તુપાળ અને :તેમનું વિદ્યામંડળ' વિષે શોધપૂર્ણ નિબંધ લખીને જાણીતા વિદ્વાન શ્રી. ભોગીલાલ સાંડેસરા પીએચ. ડી. ડોકટર બન્યા છે.

×

તાજેતરમાં સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય તરફથી "વનરાજ ચાવડો' નામનું સ્વ. રા. સા. મહીપતરામ નીલકંઠનું લખેલું પુસ્તક બહાર પડનાનું છે. આ પુસ્તક પ્રથમ લેડી વિદ્યાગૌરીએ કરેલા સુધારા સાથે સુરતથી પ્રગટ થયું હતું, ને તેમાં કેટલાંક ચિત્રો પણ અપાયાં હતાં, જેમાં ત્રેસઠમા પાને ને ૧૦૨મા પાને શ્રી. શીલગુણસૂરિજીનાં ચિત્ર રજૂ થયાં છે. આ ચિત્રોમાં શીલગુણસૂરિજીને મોંએ મુહપત્તિ બાંધેલા ચિતર્યા છે.

સિદ્ધરાજ જયસિંહનો કાળ જેમ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ને મહામંત્રી ઉદયન જેવા મંત્રીઓથી ઝળહળતો છે, તેમ ગુર્જરી રાજ્યના સ્થાપક વનરાજના સમયમાં શીલગુણસૂરિજીનું સ્થાન તેટલું મહત્ત્વનું છે. લેખક પોતે, સિંહાસન પર બેસતી વખતે વનરાજ પાસે બોલાવે છે, કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"મહારાજ, આપ મારા ગુરુ અને ધર્મપિતા છો. આપના શ્રમથી અને આપની કૃપાથી મારી માતા અને હું બચ્યાં છીએ ગૂર્જરી રાજ્ય અને ચાવડા વંશની પુનઃ સ્થાપના થઈ તેનાં મૂળ કારણ આપ છો, માટે સાધુને અને ગુરુને છાજે એવી રાજપિતાની પદવી આપ સ્વીકારો."

શ્રી. શીલગુણસૂરિજી નવવિકસિત ગૂર્જર રાજ્યના રાષ્ટ્રપિતા બને છે: પણ લેખક આ પછી એ કાળે પ્રવર્તતા જૈન સાધુઓ ને જૈન ગૃહસ્થો વિષેના પૂર્વગ્રહો ઠેર ઠેર મૂકે છે. જૈનોની અહિંસાની મશ્કરી કરે છે. શીલગુણસૂરિએ વનરાજને શિકારમાં પ્રેરતા વગેરે વગેરે બતાવે છે, જે વિષે આગામી અંકમાં વિશેષ લખીશું.

×

સોલંકી યુગે તો ન જાણે કેટ-કેટલા લેખકોને આકર્ષ્યા છે. એક એક પાત્ર પર ત્રણ ત્રણ ને ચાર ચાર લેખકો નવીનવી રીતે લખે છે. છુટાછવાયાં પત્રોમાં પણ તે અંગે નાની-મોટી વાર્તાઓ આવ્યા કરે છે. હાલમાં અમદાવાદથી નીકળતા 'ભવિષ્યવાણી' સાપ્તાહિકમાં પણ 'પંડિત માર્કંડેય શર્મા" ના શીર્ષક નીચે એક નાટિકા ક્રમશઃ આપવી શરૂ કરી છે. લેખક કોઈ 'રસરાજ' છે. તેઓએ આગળ આપેલ પરિચયમાં 'દિગુવિજય-સૂરિ-જૈનાચાર્ય હેમચંદ્રસૂરિના પટ્ટશિષ્ય ને જિનસૂરિ-મંત્રવિદ્યામાં કુશળ જૈન મુનિ'ને જેના પર નાટિકા લખાય છે તે માર્કંન્ડેય શર્મા મારવાડના મહાન જ્યોતિષી છે. આ વાર્તામાં હેમચંદ્રાચાર્યને રુદ્રમહાલયના શિલારોપણ પ્રસંગે સિદ્ધપુર જવા વગેરેની ચર્ચા છે. વિશેષ હવે પછી.

—જ.

આત્મા એ જ મિત્ર અને શત્રુ



अप्पा नइ वेयरणी अप्पा मे कूडसामली।
अप्पा कामदुहा घेणू अप्पा मे नंदणं वणं॥
अप्पा कत्ता विकत्ता य दुक्खाण य सुहाण य।
अप्पा मित्तममित्तं च दुप्पट्ठियसुपट्ठिओ॥

—આપણો આત્મા જ નરકની વૈતરણી નદી તથા કૂટ શાલ્મલી વૃક્ષ છે; આપણો આત્મા જ સ્વર્ગની કામદુધા ધેનુ તથા નંદનવન છે. દુઃખો અને સુખોનો આત્મા જ કર્તા અને વિકર્તા છે. સારા માર્ગે જનારો આત્મા જ મિત્ર છે અને ખરાબ માર્ગે જનારો આત્મા જ શત્રુ છે. —ઉત્તરાધ્યયન સૂત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જયદેવકૃત જયદેવચ્છન્દસ્

લેખક : શ્રીયુત પ્રો૦ હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જેસલમેરના ભંડારમાં કેટલીયે એવી હાથપોથીઓ છે કે એ ન મળતી હોય તો આજે અમુક ગ્રન્થ વિષે આપણે ભાગ્યે જ જાણી શકત. જયદેવે રચેલ જયદેવચ્છન્દસ્‌ની અત્યાર સુધી એક જ હાથપોથી મળે છે અને એ જેસલમેરના ભંડારમાં છે. આ તાડપત્રીય[1] પ્રતિના પત્ર ૧–૧૦ માં જયદેવચ્છન્દસ્ છે. ત્યાર પછી ફરીથી ૧, ૨ એમ અંકવાળાં પત્રો છે. તેમાં પત્ર ૧–૪૪માં આ કૃતિ તેમ જ એના ઉપરથી હર્ષટની વિવૃતિ છે.[2] ત્યાર બાદ બીજી કૃતિઓ છે. જયદેવચ્છન્દસ્‌ના અંતમાં વિ. સં. ૧૧૯૦ની સાલ છે, જ્યારે સંપૂર્ણ પ્રતિના અંતમાં વિ. સં. ૧૧૯૨ની સાલ છે. આમ આ પ્રતિમાં બે વાર લિપિસમય દર્શાવાયો છે.

હર્ષટની ટીકા સહિતના મૂળમાં જે પાઠ હોવાનું જોઈ શકાય છે તે સ્વતંત્ર મૂળથી કેટલીક વાર ભિન્ન છે અને એ તો બની શકે, પરંતુ એમાં આઠમા અધ્યાયને લગતો ભાગ સ્વતંત્ર કૃતિમાં પાંચ જ પદ્યો પૂરતો છે ત્યારે આ સટીક મૂળમાં બાર જેટલો છે.

જયદેવચ્છન્દસ્ નામની કૃતિ તેમ જ એના ઉપરની હર્ષટકૃત વિવૃતિનું સંપાદન પ્રો. વેલણકરે બીજી ત્રણ કૃતિઓ સહિત કર્યું છે અને આ સંગ્રહનું નામ 'જયદામન્' યોજ્યું છે. સાથે સાથે એમણે અંગ્રેજીમાં પ્રસ્તાવના લખી છે. એના આધારે હું જયદેવ અને એમના સમય વિષે અહીં ઊહાપોહ કરું છું.

શ્વેતપટ—જયદેવચ્છન્દસ્ એ સંસ્કૃત કૃતિ છે. એમાં આઠ અધ્યાયો છે. પ્રારંભમાં જયદેવે ઇષ્ટદેવતાને—વર્ધમાનને નમસ્કાર કર્યો છે. એ ઉપરથી છંદઃશાસ્ત્રી જૈન હોવાનું અનુમનાય છે. ત્રીજા અધ્યાયમાં એમણે વૈદિક છંદોનું નિરૂપણ કર્યું છે એ વાત બાધક નથી એ પ્રો. વેલણકરે વિસ્તારથી સમજાવી છે.[3] અહીં તો એઓ જૈન છે અને તેમાં પણ શ્વેતાંબર છે એ હકીકત નોંધીશું. નમિ સાધુ, સ્વયંભૂ, કવિદર્પણના કર્તા અને જયકીર્તિ[4] એ તમામ જૈન ગ્રન્થકારો જયદેવને પિંગલ જેટલું મહત્ત્વ આપવા

૧ આનો પરિચય જયદામનની અંગ્રેજી પ્રસ્તાવના (પૃ. ૩૬–૩૭ અને ૪૬–૪૭)માં પ્રો. વેલણકરે આપ્યો છે.

૨ પત્ર ૪૬–૮૯ માં કવિશિષ્ટ યાને વૃત્તજાતિસમુચ્ચય છે અને પત્ર ૯૦–૧૮૩માં કવિશિષ્ટ ઉપરની ગોપાલની ટીકા છે. આના પછી ફરીથી ૧, ૨, એમ અંકવાળાં પત્રોમાં પત્ર ૧–૧૫માં કેદારકૃત વૃત્તરત્નાકર અને ફરીથી ૧, ૨ એવા અંકવાળા ૧–૨૮ પત્રોમાં જયકીર્તિકૃત છંદોઽનુશાસન છે.

૩ જુઓ પૃ. ૩૪–૩૫.

૪ જુઓ પૃ. ૩૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રેરાયા છે એ બાબત એઓ જૈન હોવાનું સૂચવે છે. વળી એઓ કેદાર કરતાં વધારે પ્રાચીન અને કેદાર જેટલા તો વ્યવસ્થિત લેખક હોવા છતાં વૈદિક ધર્મના અનુયાયીઓમાં એઓ લોકપ્રિય ન બની શકયા તે પણ એમના જૈનત્વને આભારી હશે.[૫]

ઈ. સ. દસમી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયેલા ભટ્ટ હલાયુધે પિંગલના છંદઃસૂત્ર ઉપર ટીકા રચી છે. અહીં ૧, ૧૦ અને ૫, ૮ એ બંને ઉપરની ટીકામાં શ્વેતપટના ઉલ્લેખપૂર્વક એમણે નીચે મુજબ કથન કરેલું છે:—

(१) "'वान्ते ग्वकः' इति प्रोक्तं येश्च श्वेतपटादिभिः"

(२) "'अन्यद्तोऽपि वितानं' श्वेतपटेन यदुक्तम्।

'चित्रपदाऽपि च भो गौ' तेन गतार्थमिवैतत्।"

આ પૈકી "[૬]वान्ते ग्वकः" એ જયદેવચ્છન્દસ્ નામની કૃતિના પહેલા અધ્યાયનું ચોથું સૂત્ર છે. "अन्यद्तो हि वितानं" એ અ૦ ૫ માં જોવાય છે. चित्रपदाऽपि च भौ गौ એ અ૦ ૬ માં છે. આથી શ્વેતપટ તે જયદેવ જ છે એમ અનુમાન કરાય છે અને એ અનુમાનને આધારે જયદેવ શ્વેતપટ મનાય છે.

વૃત્તરત્નાકર ઉપર સુલ્હણે વિ. સં. ૧૨૪૬ માં વૃત્તિ રચી છે. એમાં એમણે નીચે મુજબ ઉલ્લેખ કર્યો છેઃ—

"'अन्यद्तो हि वितानं' इति शूद्रश्वेतपटजयदेवेन यदुक्तं भौगिति चित्रपदागः इत्यनेन गतार्थत्वात्"[૭]

આથી ઉપરના અનુમાનને ટેકો મળે છે.

સમયનિર્ણય—અત્યાર સુધીના ઊહાપોહ ઉપરથી જયદેવનો સમય નીચે મુજબ નક્કી કરી શકાય તેમ છે:

(૧) સુલ્હણ કરતાં એટલે કે વિ. સં. ૧૨૯૬ પહેલાં જયદેવ થયા છે, કેમકે સુલ્હણે એમનો નિર્દેશ કર્યો છે.

(૨) વિ. સં. ૧૧૯૦ ની પ્રતિમાં જયદેવની કૃતિ લખાયેલી છે એટલે એ પહેલાં એઓ થયા હોવા જોઈએ.

(૩) ભટ્ટ હલાયુધે એમનો મુખ્યતયા નિર્દેશ કરીને ઉલ્લેખ કર્યો છે એ હિસાબે એઓ ઈ. સ.ની દસમી સદીના ઉત્તરાર્ધ જેટલા તો પ્રાચીન છે જ. એટલે કે વિ. સં. ૧૦૫૬ (ઈ. સ ૯૯૯ + ૫૭) પૂર્વે થયા છે.

હવે જે બીજા કેટલાક ઉલ્લેખો ઉપરથી એઓ આના કરતાં પણ વધારે પ્રાચીન હોવાનું આપણે અનુમાન કરી શકીએ તેમ છીએ તે વિચારીશું.

---

૫ એમના છંદોऽનુશાસનને અંગે મેં "જયકીર્તિનું છંદોऽનુશાસન" નામના લેખમાં વિચાર કર્યો છે. આ લેખ અહીંના (સુરતના) "દિગંબર જૈન" (વ. ૪૩, અં. ૪)માં છપાયો છે.

૬ આ હેમચન્દ્રસૂરિકૃત છંદોऽનુશાસન (અ. ૧)માં પણ છે.

૭ જુઓ જયદામનની પ્રસ્તાવના (પૃ. ૩૧).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧) રુદ્રટના કાવ્યાલંકાર ઉપર નમિ સાધુએ વિ. સં. ૧૧૨૫ માં ટિપ્પણ રચ્યું છે. ૧-૧૮ ઉપરના ટિપ્પણમાં "छन्दो जयदेवादि" એમ છે અને ૧-૨૦ ઉપરના ટિપ્પણમાં "छन्दसि पिङ्गलजयदेवाद्यनुक्तानि वृत्तानि" એમ છે. આ જયદેવ તે પ્રસ્તુત જયદેવ જ છે એમ પ્રો. વેલણકરનું માનવું છે અને તે અસંગત હોય એમ લાગતું નથી.

ઈ. સ. ૧૦૦૦ કરતાં પહેલાં થઈ ગયેલા સ્વયંભૂએ [૮]સયંભૂછંદ (૧-૧૪૪)માં નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે:—

"जयदेव-पिंगला सक्कयंमि दोच्चि अ जइं समिच्छंति ।
मंडव्व-भरह-कासव-सेयवपमुहा न इच्छंति ॥"[९]

ભરતના નાટ્યશાસ્ત્ર ઉપર અભિનવ ગુપ્તે [૧૦]ટીકા રચી છે. એના પૃ. ૨૪૪માં જયદેવ વિષે ઉલ્લેખ છે. કન્નડ છંદશાસ્ત્રી નાગવર્માએ ઈ. સ. ૯૯૦માં છંદોમ્બુધિ રચેલ છે. એમાં જયદેવનો ઉલ્લેખ છે એમ JUB (૧૯૪૭ના અંક)માં ઉલ્લેખ છે.

વરાહમિહિરની બૃહત્સંહિતા ઉપર ભટ્ટ ઉત્પલે ઈ. સ. ૯૬૬માં ટીકા રચી છે. અ૦ ૧-૩ ઉપરની ટીકામાં છંદોનાં જે લક્ષણો અપાયાં છે તે આ જયદેવચ્છન્દસ્‌ને આધારે હોય એમ લાગે છે.[૧૧]

શકસંવત્ ૪૨૭ (વિ. સં. ૫૬૨)માં પંચસિદ્ધાંતિકા રચનારા વરાહમિહિર આ જયદેવને જાણતા હશે, પણ આ બાબત અત્યારે તો અચોક્કસ છે.

આ બધી બાબતોને લક્ષ્યમાં રાખી પ્રો. વેલણકરે એમ કહ્યું છે કે જયદેવ ઈ. સ. ૯૦૦ પહેલાં ક્યારેક થઈ ગયા છે અને કદાચ ઈ. સ. ૬૦૦ કરતાં પણ પહેલાં થયા હશે.

ઉલ્લેખો—વૃત્તજાતિસમુચ્ચય (૬, ૭) ઉપરની ટીકામાં ગોપાલે નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે:—

"तथा चोक्तमन्यैः—'पञ्चैव पिण्डितेषु (च)
सङ्ख्या प्रस्तारविरचिता भवति'।"

આ અવતરણ જયદેવચ્છન્દસ્‌માં અ૦ ૮ના શ્લો. ૧૧ તરીકે જોવાય છે.

વૃત્તરત્નાકરની ટીકામાં [૧૨]ત્રિવિક્રમે, જયકીર્તિએ છંદોઽનુશાસન (અ૦ ૮, શ્લો. ૧૯)માં હેમચન્દ્રસૂરિએ છંદોઽનુશાસન (૨, ૨૯૭; ૩, ૫૧-૫૨)ની સ્વોપજ્ઞ ટીકા નામે છન્દશ્ચૂડામણિમાં, અજ્ઞાત [૧૩]છંદઃશાસ્ત્રીએ કવિદર્પણ (૬, ૧૦)માં વૃત્તરત્નાકર (અ૦ ૨, શ્લો. ૩૬) નારાયણે અને વૃત્તરત્નાકર (૩, ૩૧; ૫, ૬; અને ૫, ૯)ની ટીકામાં બૌદ્ધ રામચન્દ્ર વિબુધે જયદેવ વિષે ઉલ્લેખ કર્યો છે એમ પ્રો. વેલણકરે અંગ્રેજી

---

૮ આ JBBRAS (1935)માં છપાયું છે.

૯ જુઓ ઉપર્યુક્ત પ્રસ્તાવના (પૃ. ૩૨).

૧૦ આ ટીકા સહિત મૂળ ગાયકવાડ પૌર્વાત્ય ગ્રન્થમાળામાં છપાયું છે.

૧૧ જુઓ પ્રો. વેલણકરનો વરાહમિહિર અને ઉત્પલને અંગેનો લેખ. આ સી. કે. રાજા સ્મારક ગ્રન્થ (પૃ. ૧૪૧-૧૫૨)માં ઈ. સ. ૧૯૪૬માં છપાયો છે.

૧૨ આ સુલ્હણ કરતાં પહેલા થયા હશે.

૧૩ આ જૈન છે અને એઓ હેમચન્દ્રસૂરિને અનુસરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસ્તાવના (પૃ. ૩૨-૩૩)માં કહ્યું છે. આ એમણે નિર્દેશેલા ઉલ્લેખોમાં શીલાંકસૂરિએ સૂયગડ (સુય૦ ૧, અ. ૨, ઉ. ૧)ની નિજ્જુત્તિ (ગા. ૩૮)ની ટીકામાં જે નીચે મુજબનું વૈતાલીય છંદનું લક્ષણ અવતરણરૂપે રજૂ કર્યું છે અને જે જયદેવચ્છન્દસ (અ. ૪, પૃ. ૧૫) ગત લક્ષણ સાથે [14]લગભગ અક્ષરશઃ મળે છે એ નોંધ્યું નથી એટલે એ હું અહીં ઉમેરું છું:—

મુનિ અને સૈતવ—જયદેવે અ. ૫, પૃ. ૨૦માં મુનિ અને સૈતવ એ બેના મત નોંધ્યા છે. 'મુનિ' નો અર્થ હર્ષટે પિંગલ કર્યો છે.

પદ્ધતિ—પહેલા અધ્યાયમાં સંજ્ઞાઓ સમજાવાઈ છે. બીજા અને ત્રીજા અધ્યાયમાં વૈદિક છંદોનું નિરૂપણ છે. ત્યાર બાદ લૌકિક છંદોના લક્ષણો વગેરે અપાયાં છે. આમ જયદેવ વસ્તુની ગોઠવણીની બાબતમાં પિંગલને અનુસરે છે; બાકી પદ્ધતિમાં ફેર છે. જયદેવે છંદોનાં લક્ષણ તે તે છંદમાં આપ્યાં છે અને એથી પૃથક્ ઉદાહરણો આપવાની જરૂર રહી નથી.

વૈદિક છંદોમાંથી લૌકિક વર્ણવૃત્તો સર્વથા છૂટા પડી નહિ ગયા હતા એવા સમયમાં જયદેવે પોતાની કૃતિ રચી હશે એમ પ્રો. વેલણકરે પૃ. ૩૪માં કહ્યું છે. વિશેષમાં એમણે એમ પણ કહ્યું છે કે, **અભિજ્ઞાન શાકુંતલ** (અ. ૪, શ્લો. ૮)માં જે વૈદિક છંદ વપરાયો છે તે એ પ્રસંગને બરાબર અનુરૂપ છે, પરંતુ એ વૈદિક છંદોનું લૌકિક છંદો ઉપરની અસર અને પકડની છેલ્લી નિશાની સૂચવે છે. સંક્રાંતિ કાળમાં જયદેવ થયાનું પ્રો. વેલણકર માને છે. સંસ્કૃત એ વૈદિક ધર્મના જ અનુયાયીઓનો વારસો છે એવી માન્યતા હજી પ્રચલિત હતી એવે સમયે જયદેવે પોતાની કૃતિ રચી હોવી જોઈએ. લૌકિક સંસ્કૃત છંદો વિશે નિરૂપણ કરનાર એના જન્મદાતા રૂપ વૈદિક છંદોની અવગણના કરી શકે તેમ ન હતું, એ સમયની જયદેવની કૃતિ હોવાથી એમાં વૈદિક છંદોને લગતી હકીકત જોવાય છે, એમ પ્રો. વેલણકરનું કહેવું છે.

હર્ષટ—આ મુકુલ ભટ્ટના પુત્ર થાય છે. એમના નામનો વિચાર કરતાં એઓ કાશ્મીરના હોવા જોઈએ, **કાવ્યપ્રકાશના** કર્તા મમ્મટે એક મુકુલભટ્ટનો ઉલ્લેખ કર્યો છે. એમણે **અભિધાવૃત્તિમાતૃકા** રચી છે. એમનો સમય ઈ. સ. ૯૨૫ની આસપાસનો છે. આ જ મુકુલ ભટ્ટના પુત્ર તે હર્ષટ કે કેમ એનો નિર્ણય કરવો બાકી રહે છે; બાકી હર્ષટની ટીકાની હાથપોથી જે વર્ષમાં લખેલી મળે છે એ હિસાબે હર્ષટ ઈ. સ. ૧૧૨૪ પહેલાં થયા છે.

જૈન છંદશાસ્ત્રીઓની વિવિધ કૃતિઓ પ્રો. વેલણકરે અત્યારનવાર છપાવી છે તે તમામ એક પુસ્તક રૂપે વિશિષ્ટ પ્રસ્તાવના ઈત્યાદિ સહિત છપાવવી ઘટે. જૈનોની સમૃદ્ધ સંસ્થાઓ આ બાબત હાથ ધરશે તો આનંદ થશે.

---

૧૪ " वैतालीयं लगैनैधनाः । षड्युक्पादेष्टौ समश्चलः ॥ न समोऽत्र परेण युज्यते । नैता षट्च निरन्तरा युजोः । " અહીં " पादेष्टौ " અને " समे चलः " એમ બે પાઠાન્તરની નોંધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ રત્ન કોનાં?

બ્રહ્મદત્ત રાજાના સમયમાં કોઈ એક ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તેને વેદર્ભ નામનો એક મંત્ર સિદ્ધ થયો હતો. એક ખાસ નક્ષત્રનો ઉદય થતાં એને બોલતાં આકાશની તરફ જોવાથી સાત મહામૂલ્ય રત્નો વરસતાં હતાં. બ્રાહ્મણને એક શિષ્ય હતો, તે ઘણો બુદ્ધિમાન હતો. તે પોતાના ગુરુની પાસે રહીને વિદ્યાધ્યયન કરતો હતો.

એક વખત બ્રાહ્મણ પોતાના શિષ્ય સાથે યાત્રા કરવા નીકળ્યો. રસ્તામાં એક ગાઢ જંગલ આવ્યું. તેમાં લૂંટારાઓના મોટા મોટા સમુદાય રહેતા હતા. પાંચસો ડાકુઓના એક ટોળાએ ગુરુ અને શિષ્યને પકડી લીધા. તેમની એ રીત હતી કે બે માણસોમાંથી એકને થાપણ રૂપે રાખી લેવામાં આવતો અને બીજાને રકમ લાવવા માટે મોકલી દેવામાં આવતો. જો બાપ અને દીકરો મળી જાય તો બાપને થાપણરૂપે રાખીને દીકરાને મોકલી દેવામાં આવતો. જો બે ભાઈ હોય તો મોટાને રાખી લેતા. તેમણે ગુરુને પોતાની પાસે રાખી લીધા અને શિષ્યને રકમ લાવવા માટે મોકલી દીધો.

શિષ્યે જતી વખતે ગુરુના કાનમાં કહ્યું—'હું જાઉં છું. આજે જ એ નક્ષત્રોનો યોગ છે. લૂંટારાઓ તમને હેરાન કરશે પરંતુ મારના ડરથી રત્નો વરસાવતા નહિ. એથી તમારો નાશ થશે, અને લૂંટારાઓનો પણ. હું ક્યાંયથી રકમ લઈ આવીશ. તમે મારના ડરથી મંત્ર ભણતા નહિ.'

શિષ્ય ગયો. સંધ્યા થઈ ગઈ. ચોરોએ ગુરુને બાંધી દઈ ખૂણામાં નાખી મૂક્યો. થોડી વારમાં ચંદ્રોદય થયો. તેને અને તેની આસપાસના તારાઓને જોતાં બ્રાહ્મણના મનમાં અનાયાસે થયું કે–'મારી પાસે આવો પ્રભાવશાળી મંત્ર છે, નક્ષત્રોનો યોગ છે, છતાં આ પ્રકારે હું કષ્ટ શા માટે ભોગવું? તપસ્યા અને મંત્ર ક્યારે કામ આવે?'

તેણે પહેરો દેવાવાળા ડાકુઓને કહ્યું, 'ભાઈ! મને શા માટે બાંધી રાખ્યો છે?'

'ધનને માટે.' ડાકુઓએ ઉત્તર આપ્યો.

'જો ધન જ જોઈએ તો મને છોડી દો. નાહી ધોઈને કપડાં પહેરવા દો. એક ફૂલની માળા લાવી આપો.'

ચોરોને એ ડર હતો જ નહિ કે બ્રાહ્મણ નાસી જશે. કુતૂહલને ખાતર તેના કહેવા મુજબ કરવા લાગ્યા.

બ્રાહ્મણે નક્ષત્રોનો બરાબર યોગ થતાં મંત્રનો જાપ કર્યો. અને આકાશ તરફ જોયું. એ જ સમયે તેજથી ચમકતાં સાત રત્નો પૃથ્વી પર પડ્યાં. ચોરોએ તેને ઊઠાવી લઈ કપડામાં બાંધી લીધાં અને નાસવાનું શરૂ કર્યું. બ્રાહ્મણ પણ તેમની પાછળ પાછળ ગયો.

એ જ જંગલમાં લૂંટારાઓની એક બીજી ટુકડી રહેતી હતી. તે પહેલા કરતાં વધુ બળવાન હતી. પહેલા લૂંટારાઓને નાસતા જોઈને તેમને વહેમ પડ્યો કે તેમની પાસે લૂંટનો માલ છે. તેણે તેમને પડકારતાં કહ્યું, 'અરે! ઊભા રહો, શો માલ લઈ જઈ રહ્યા છો?'

તેણે રત્નોવાળા લૂંટારાઓને ઘેરી લીધા. ઘેરાયેલા ચોરોએ બલા ટાળવા માટે કહ્યું, 'આ બ્રાહ્મણની પાસે બહુ મોટી વિદ્યા છે. તેણે અમને રત્ન આપ્યાં. એને પકડી લો, તમને પણ રત્ન મળી જશે'.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રાહ્મણ ફરી પકડાયો. બીજી ટુકડીએ પણ તેને રત્ન આપવા કહ્યું. બ્રાહ્મણ ગણગણવા લાગ્યોઃ 'હું માનું છું કે મારી પાસે રત્ન પ્રાપ્ત કરવાની વિદ્યા છે પરંતુ એ તો આકાશમાં અમુક નક્ષત્રોનો યોગ થતાં જ વરસે છે. તે યોગ હમણાં જ ગયો. હવે એક વર્ષ પછી આ સમયે એ યોગ આવશે. તે સમયે હું મંત્ર બોલીને તમારા માટે પણ રત્ન પ્રાપ્ત કરી લઈશ.'

ચોરોએ કહ્યુંઃ 'આ ટોળીને તો એ જ સમયે આપી દીધાં અને અમારો વારો આવ્યો ત્યારે ઊઠાં ભણાવે છે? જલદીથી સીધી રીતે આપી દે, નહિતર સમજી લે કે મોત આવ્યું.'

બ્રાહ્મણ બોલ્યો : 'હું સાચું કહું છું. હવે એ યોગ આવતી સાલ આવશે. મારા હાથની વાત નથી.'

ચોરોનો સરદાર રત્ન મેળવવા માટે અધીરો બની રહ્યો હતો. એક તરફ બ્રાહ્મણે નકારો ભણ્યો ત્યારે બીજી તરફ પહેલી ટોળી હાથથી જઈ રહી હતી. તેણે ક્રોધમાં આવીને એક પ્રહાર કર્યો અને બ્રાહ્મણ ત્યાં ઢગલો થઈ પડ્યો.

નાસતી ટોળીને પકડી લેવામાં આવી. બીજી ટોળીના બળવાન યોદ્ધાઓએ તેમને મારી પાડ્યા. તેમના બધા ચોરોને ખતમ કરી દેવામાં આવ્યા. રત્નો જમીન પર પડ્યાં. પરંતુ એને મેળવવા માટે બીજી ટુકડીના ડાકુઓનાં પરસ્પર ઝગડો થયો. એક વર્ગ સરદારની વિરુદ્ધ ઊભો થઈ ગયો. બંનેમાં ભયંકર યુદ્ધ જામ્યું. લગભગ બધા યોદ્ધાઓને મારી નાખવામાં આવ્યા. માત્ર બે બાકી બચી રહ્યા.

એ બંનેએ નિશ્ચય કર્યો કે, 'આપણે આપસમાં લડવું ન જોઈએ. કોઈ મોટા નગરમાં જઈને આ રત્નો વેચી નાખીએ અને તેનાથી જે ધન મળે તેને અડધોઅડધ વહેંચી લઈએ.'

બંને જણા નગર તરફ ચાલ્યા. રસ્તામાં એક ગામની પાસે વિશ્રામ લેવા બેઠા. ભૂખ લાગેલી હતી. એક જણ કંઈક ખાવાનું લેવા માટે ગામમાં ગયો. બીજો રત્નોને જાળવવા બહાર બેઠો રહ્યો. તેના હાથમાં ખુલ્લી તરવાર હતી.

તેના મનમાં થયું કે, 'રત્નોથી પ્રાપ્ત ધનની વહેંચણી કરવા સમયે તકરાર થશે. ખબર નથી કે કેટલું મળશે. કોઈ ભાગ પડાવનાર ન હોય તો જ ઠીક થાય.' તેણે અચાનક હુમલો કરીને બીજાને મારી નાખવાનો નિર્ણય કરી લીધો

ગામમાં જનારના મનમાં પણ આવી જ રીતના વિચારો આવ્યા હતા. તે પોતાના ભાગીદારને ખતમ કરી નાખવાનો ઉપાય વિચારી રહ્યો હતો. તેણે થોડું ઝેર ખરીદ કર્યું અને ભોજનમાં મેળવી દીધું.

તે ભોજન લઈને આવ્યો. પહેલો પોતાની યોજના પ્રમાણે તયાર બેઠો હતો. તે નજદિક આવતાં જ તેણે તલવારના એક ઝાટકે તેનું માથું ઊતારી લીધું. પોતાને બધાં રત્નોનો સ્વામી સમજીને હર્ષિત થતો જલદી જલદી તે લાવેલા ભોજનને ખાવા લાગ્યો. ખાતાં જ ઝેરે અસર કરી. તે પણ ત્યાં જ ઢગલો થઈ પડ્યો.

રત્નો ત્યાં જ પડ્યાં રહ્યાં.

['શ્રમણ' વર્ષ ૧, અંક ૮ માંથી અનૂદિત.]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[અનુસંધાન ટાઈટલ પેજ ૨ થી ચાલુ]

विद्वान था। साहसाङ्क राजाका राजवैद्य और चरकका प्रसिद्ध टीकाकार हरिचन्द्र इसका पूर्व पुरुष था। विश्वकोषकी प्रस्तावनामें ग्रन्थकर्त्ताने हरिचन्द्रसे प्रारंभ कर अपने सब पूर्वजोंका वर्णन किया है। इसने विश्वप्रकाशका निर्माणसाल ई. ११११ (शक १०३३) उस ग्रन्थके अंतमें दिया है। इसका विरचित साहसाङ्क चरितकाव्य भी था ऐसा निर्देश विश्वप्रकाशकी प्रस्तावनामें मिलता है।

विश्वप्रकाश[2]–यह नानार्थ शब्दोंका कोष है। इसमें अमरकोषके सदृश अन्तिम वर्णानुक्रमसे शब्दोंकी योजना है। हेमचंद्रने अपने ग्रन्थमें इसका निर्देश किया है। इस कोषका महत्त्व अभी भी संस्कृत साहित्यके विद्वानोंमें है। शब्दभेदप्रकाश–यह विश्वप्रकाशका परिशिष्ट ही है। इसके निर्देश शब्दभेद, बकार भेद, ऊष्मभेद और लिङ्गभेद है। इस शब्दभेदप्रकाश पर ई. १५९८ में ज्ञानविमलगणि द्वारा विरचित टीका प्रसिद्ध है।

उपर्युक्त उद्धरणसे स्पष्ट है कि ये १२ वीं सदी के जैनेतर विद्वान हैं व इनके रचित दो ही ग्रन्थ हैं। लिङ्गभेद नाममाला व शब्दभेद (प्रकाश) वास्तवमें शब्दप्रभेदसे ही अध्यायों के नाम हैं अतः स्वतंत्र ग्रन्थ नहीं है।

---

२ चोखम्बा संस्कृत सीरीजसे यह प्रकाशिति हो चुका है।

ગ્રંથ-સ્વીકાર

१. षड्दर्शनसमुच्चय—કર્તા: શ્રી હરિભદ્રસૂરિ, ટીકાકાર શ્રી સોમતિલકસૂરિ, સંપા૦ શ્રી વિજયજંબૂસૂરિજી મ પ્રકાશક: મુક્તાબાઈ જ્ઞાનમંદિર-ડભોઈ. મૂલ્ય: રૂપિયા ત્રણ.
२. શ્રી તત્ત્વતરંગિણી-બાલાવબોધ—સંપા૦ શ્રીવિજયજંબૂસૂરિજી મ. પ્રકાશક: ઉપર મુજબ.
३. નિત્ય સ્મરણ સ્તોત્રાદિ સંગ્રહ—સંગ્રાહક: શ્રીવિજયજંબૂસૂરિજી મ. પ્રકાશક: ઉપર મુજબ

નવી મદદ

૨૫૧) શ્રી. પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનવિજયજી મ. (ત્રિપુટી)ના ઉપદેશથી શ્રી જૈનસંઘ બોરિઆવી (લીંચ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No, B. 3801 श्री जैन सत्य प्रकाश

દરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાનો દળદાર સચિત્ર અંક : મૂલ્ય દોઢ રૂપિયો.

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબ આપતા લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્ય મ૦ના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

કાચી તથા પાકી ફાઈલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દશમા, અગિયારમા, બારમા, તેરમા તથા ચૌદમા વર્ષની પાકી ફાઈલો તૈયાર છે.
મૂલ્ય દરેકના અઢી રૂપિયા

— લખો —

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only